|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || તું તારો દીપક બન ||

તું તારો દીપક બન. તું તારો રાહબર બન. બીજાનો સંદેશ કે સલાહ લેવાનાં નથી. તું ખાઈશ તો ભૂખ મટશે. તું ખુદ પાણી પીશ તો તરસ મટશે. સત્યને તું પોતે જાણીશ તો જ સંતોષની વીણા તારા અંતરમાં વાગશે. મેં જાણેલું સત્ય તારા કોઈ કામનું નથી. હું તને સત્ય આપી શકતો નથી, હું તો તારા અંતરમાં સત્ય જાણવાની ઈચ્છાને જગાડી શકું છું જેથી તું પતંગિયા જેવો બનીને સત્યના મહાઅગ્નિમાં બળી મરવા તૈયાર થઈ જઈશ. તું તારી નૈયાને સઢ ચઢાવીને આગળ ચલાવ. સત્યની ઉત્તુંગ લહેરો તને પોકારી રહી છે અને આ જ લહેર તને સત્યના કિનારે લઈ જશે. તને ખ્યાલ નથી કે તારા હૃદયમાં કોણ બેઠું છે ? તે જ સત્ય, જેને તું શોધી રહ્યો છે. એ તારી ભીતર છે. સત્યને શોધવાવાળો અને સત્ય બન્ને અલગ નથી. તું અમૃતનો, સત્યનો પુત્ર છે. તારા હૃદયમાં પરમાત્મા બેઠા છે. દરેક બુદ્ધોનો સંદેશ છે તે જ મારો સંદેશ છે. તું તારો રાહબર બન. તું તારો દીપક બન. તું ખુદ પરમાત્મારૂપ છે.

**—ઓશો**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ કબીરસાહેબના પ્રસિદ્ધ મંત્રની પ્રાણપ્રતિષ્ઠા ॥

**'કર સાહેબકી બંદગી, ભૂખેકો કુછ દે'**

● સાહેબકી બંદગી' : (પારાયણ)

'સ્વર્ગારોહણ'માં પૂ.શ્રી યોગેશ્વરજીની જીવનકથા 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું, પૂજ્યશ્રી'મા'ની સ્નેહસંનિધિમાં ભારતના સાધકોનું 'મૌન પારાયણ'. વિદેશમાં વસતા સાધકોનું વૈશ્વિક સ્તરે 'આંતરરાષ્ટ્રીય ઝૂમ પારાયણ'.

● ભૂખેકો કુછ દે : (દાન)

આજીવન અસ્ખલિત 'દાનરત દંપતી'નો અનુપમ 'સહયજ્ઞ'



# અનુક્રમ


નિવેદન ૫

**વિભાગ-૧**

૧. શ્રી યોગેશ્વરકથામૃત — શ્રી 'મા' સર્વેશ્વરી ૬

૨. Giving up to Gain — શ્રી પ્રતીક સ્માર્ત ૮

૩. પારાયણ : પ્રભુકૃપાનું પ્રવેશદ્વાર — શ્રી 'મા' સર્વેશ્વરી ૧૧

૪. સ્વર્ગારોહણમાં મૌન પારાયણનું આધ્યાત્મિક અભિયાન — સંપાદન ૧૩

૫. સદ્‌ગ્રંથનો સંજીવની સ્પર્શ — શ્રી અરુણાબેન ઠાકર ૧૬

૬. અશક્યને તેં શક્ય કર્યું — શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી ૧૮

૭. સાધનાત્મક વિકાસનાં સોપાન — શ્રી પૂર્ણિમાબેન ૨૧

૮. શ્રીસાન્નિધ્યે 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું પારાયણ — શ્રી યોગેશભાઈ કવીશ્વર ૨૩

૯. સ્વાન્તઃ સુખાય — ડૉ. હિમાંશુભાઈ પાઠક ૨૮

૧૦. પ્રથમ આંતરરાષ્ટ્રીય ઝૂમ પારાયણ — શ્રી અર્પિતા જોશી ૩૨

**વિભાગ-૨**

૧. પ્રાસ્તાવિક : દાનેશ્વર મયૂરધ્વજનું આધુનિક સંસ્કરણ — સંપાદકીય ૪૦

૨. પૂજ્યશ્રી 'મા'નાં અમીભર્યા આશીર્વચન — શ્રી 'મા' સર્વેશ્વરી ૪૨

૩. પૂ.શ્રી'મા'નો સાક્ષીભાવ — શ્રી 'મા' સર્વેશ્વરી ૪૩

૪. એક અનન્ય સારસબેલડીની વિદાઈ — શ્રી સુશીલાબેન ભક્ત ૪૭

૫. માનવતાના માળી — શ્રી જગદીપભાઈ ભક્ત ૫૧

૬. 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની ભવ્ય શ્રદ્ધાંજલિ — શ્રી સુશીલાબેન ભક્ત ૫૨

૭. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળહળ શ્રી નારાયણદાસજી — શ્રી જગદીપભાઈ ભક્ત ૫૪

૮. આદર્શ ભારતીય શિક્ષણસંસ્થાના સ્વપ્નદ્રષ્ટા — સુશીલાબેન ભક્ત ૫૫

૯. 'અંજલિ' — શ્રી યજ્ઞેશજોશી ૫૬

## નિવેદન મનુષ્ય : પરમાત્માનું ઉત્તમોત્તમ સર્જન

રિલ્કે કહે છે : 'ચેતનાવિસ્તાર એ જ માનવીનું મોટું ઐશ્વર્ય.' પણ આ ચેતનાની કોઈ પરિભાષા કે સિદ્ધાન્ત નથી. એ જીવીને જ જાણી શકાય, જણાવી શકાય.'

જો કે આજે માણસ વધુ ને વધુ સંકીર્ણ થતો જાય છે. સાંકડી ચેતનાનાં, સ્વકેન્દ્રી માણસોનાં ટોળેટોળાં જોવા મળે છે. આપણી નિસબત આખી માનવજાત સાથે છે. એક આંતરસંબંધથી આખું વિશ્વ જોડાયેલું છે. આખી સૃષ્ટિ પરમાત્માની પ્રતિકૃતિ છે. કોઈ અલગ, પારકું, પૃથક્ છે જ નહિ.

આપણા સૌનો આત્મીયતાનો નાતો અણલખ્યો પણ છે. જેમ હવાને કહેવું નથી પડતું કે, તારે ફૂલની સુગંધ વહેવાની છે એ જ રીતે એક માણસ બીજા માણસના હૃદય સાથે સહજ સંકળાયેલ હોય છે.

એટલે આપણી સઘળી પ્રવૃત્તિ 'હું' પણામાંથી નહિ, પણ પોતે સર્વસ્વનો અંશ છે; એવા ભાવમાંથી જ સંપન્ન થવી જોઈએ. આને માટે કબીરજીની સીધી સાદી વાત 'કર સાહેબકી બંદગી, ભૂખેકો કુછ દે' આત્મસાત્ કરી લેવાની છે. કોઈ શાસ્ત્ર, વાદવિવાદ, ધર્મચર્ચામાં અટવાવાની જરૂર નથી. ન મંદિર જાઓ, ન તીર્થયાત્રા કરો, ન માળાના મણકા ફેરવો, ન કોઈ ક્રિયાકાંડ કરો.

બસ, તમે 'કર ભલા, હોગા ભલા' અથવા 'Live and Let live'નો સરળ મંત્ર જીવનમાં ઉતારો.

I am here–'હું આ રહ્યો'ના હુંકાર કરવાને બદલે you are there–'તમે ત્યાં છો' કહી સામાની ઉપસ્થિતિનું ગૌરવ કરો. ને જો આમ થશે તો એ આપણા સર્વના અહમ્‌ની આહુતિ માટેનો સર્વમંગલકારી યજ્ઞ બનશે. વળી જ્યારે કોઈપણ માધ્યમથી-સાધનથી આપણા અને પરમાત્મા વચ્ચે સત્કર્મનો સેતુ બનશે. પછી ધીમે ધીમે એ સત્કર્મ આપણા અસ્તિત્વનો પર્યાય થઈ જશે. ને તો પછી–

'કબીરા જબ હમ પૈદા હુએ, જગ હૅંસે હમ રોય
ઐસી કરની કર ચલો, હમ હૅંસે જગ રોય.'

–જેવી આપણી ગરિમાપૂર્ણ 'માનવીય છબી' પ્રગટશે. અને ચોતરફ એનો ઉદ્‌ઘોષ સંભળાશે કે,

'મનુષ્યથી વધારે શ્રેષ્ઠ કશું જ નથી.'

કેમકે, તે પરમાત્માનું ઉત્તમોત્તમ સર્જન છે.



# વિભાગ–૧

## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૯૨
### તા. ૧૬-૨-૮૩, બુધવાર, ફાગણ સુદ ત્રીજ ૨૦૩૯
### ડરબન શહેર

ગઈ રાત્રે ઘણું મોડું થયું હતું. છતાં પૂ.શ્રી તો પોતાના ક્રમ પ્રમાણે સવારે નિયમિત જ રહ્યા.

ભોજન બાદ બહાર બગીચામાં બે-ત્રણ આંટા માર્યા. થોડો આરામ, પછી લેખન.

સાંજે રેડિયો ટ્રુરો પર જવાનું હતું. ત્યાંના કેન્દ્ર-સંચાલિકા શ્રી જયમતીબહેને પૂ.શ્રી પાસે થોડા વાર્તાલાપની માગણી કરી હતી.

શહેરમાં, રેડિયો ટ્રુરોના રૅકોડિંગ રૂમમાં ગયા ત્યારે બરાબર સાડા છ વાગ્યા હતા. એક બહેનનું રૅકોડિંગ ચાલુ હતું. તેથી, એકાદ કલાક બાદ પૂ.શ્રીનો વાર્તાલાપ રૅકોર્ડ કરવાનું શરૂ થયું.

મોટાં બે મશીનોની સામે પૂ.શ્રી બેઠા. યંત્ર-સંચાલકની સૂચના મુજબ પૂ.શ્રી પોતાનો વાર્તાલાપ શરૂ કરે છે.

પૂ.શ્રીની વાર્તાલાપ કરવાની કુશળતા જાણ્યા પછી સંચાલકે સમયની મર્યાદાનો નિયમ પૂ.શ્રી માટે રાખ્યો ન હતો. જે વિષય ઉપર જેટલું પણ બોલવું હોય તેટલું બોલી

શકાશે એની જાણ પૂ.શ્રીને કરવામાં આવી.

પૂ.શ્રીએ આજે દિવાળી, નવરાત્રી, રામનવમી ને જન્માષ્ટમી એ ચાર તહેવારો ઉપર વાર્તાલાપ આપ્યો. વાર્તાલાપ દરમ્યાન અમને પણ તે ઓરડામાં શાંતિથી બેસવું હોય તો બેસવાની છૂટ આપેલી, જેથી શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈ અને હું બેઠાં.

વાર્તાલાપ પૂરો થયો. બીજા ત્રણ વાર્તાલાપની માગણી જયમતીબહેને કરી, જેના વિષય હતા રક્ષાબંધન, હોળી, એકાદશી. પૂ.શ્રીએ હા પાડી. પરિણામે ફરી એકવાર રેડિયો ટ્રુરોની મુલાકાત લેવાનું બનશે.

જેમણે પૂ.શ્રીના જ્ઞાનનો સંપૂર્ણ લાભ લેવો છે તેઓ પૂ.શ્રીના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માંડે છે. પૂ.શ્રી તો એ માટે તૈયાર જ હોય છે.

સંપ્રદાયના વાડામાં બંધાયા સિવાય પૂ.શ્રી દરેક વિષયને ન્યાય આપી શકે છે એ આજના યુગમાં સંતોને બોધક બને એવી બાબત છે. મોટા ભાગના સંતો પોતપોતાના નાના નાના વાડા લઈને, સંપ્રદાયો સ્થાપીને બેસી ગયા છે ત્યાં આવી વિરલ ને વિશદ પ્રતિભા ધરાવનાર સંતવિભૂતિ વિશેષ આદરણીય બની રહે એ સ્વાભાવિક છે.

રાત્રે નવ વાગ્યે રેડિયો ટ્રુરો પરથી વિદાય લીધી.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**



# II Giving Up to Gain II

Shri Ramakrishna Paramhansa explained once : "It is said in the Bhagavata that the Avadhuta chose an eagle as one of his twenty-four Gurus." The eagle had a fish in its beak, so it was surrounded by a thousand crows. Which-ever way it flew with the fish, the crows pursued it crying, 'Caw, Caw !' When all of a sudden, the fish dropped from its beak, the crows flew after the fish, leaving the eagle alone.

The 'fish' is the object of enjoyment. The 'crows' are worries and anxiety. Worries and anxiety are inevitable with enjoyment. No sooner does one gives up sense enjoyment spawning from desires then one finds peace.

Shri Ramakrishna explained this simple but very important fact that leads to anxiety and provided the solution that may seem easy but has been a challenge for many in the present day.

Pujya Shri Prabhu showed us through his life a complete disengagement from 'Kanchan and

Kamini' or 'wealth and material desires.' This detachment or renunciation was the main reason for his constant communion with peace. Through his autobiography we can understand how he completely depended on God for everything and never attached with anything material. At a young age he detached from his home and lived in a boarding school. Pujya Shri Prabhu found ways to earn money as a teacher so that he could selflessly serve his mother, even though he mentally yearned to live in the Himalayas. He spent years in the Himalayas for his sadhna but remained true to his word of never asking for anything material from anyone while remaining totally dependent on the Supreme Lord, who fulfilled all his needs. Even after attaining his spiritual goal, he never tried to make any disciples or form 'ashrams' that would bring him fame, wealth or power. He knew very well that all such things were temporary and would bind him to this world. He also knew that it was only a life attached to God that could bring him bliss and freedom from all worries.



His entire life portrays detachment from material desires which are the cause of anxiety and worries. Pujya Shri Prabhu remained completely immersed in Maa Jagadamba which provided him the much-needed divine bliss. He embodied an ideal life dependent on God to attain that blissful state which remains evasive to many ordinary beings even today.

The path has been shown and the basis for attaining that divine peace remains in having immense faith in God while detaching the mind from worldly desires that bind one to anxiety and worries. Pujya Shri Prabhu may have lived his life effortlessly but had surely faced many obstacles that he overcame with God's grace. His endeavors and messages are purely meant for the upliftment of individuals like us. We will have to remain engaged in worldly actions, but by following Prabhuji's footsteps, it seems there are still ways to find the elusive bliss and remain away from the clutches of this material world.

**–Shri Pratik Smart**

## ॥ પારાયણ : પ્રભુકૃપાનું પ્રવેશદ્વાર ॥

જાણે આ ધરતીનું કણકણ એ મહાપુરુષની જીવનઝલકને માણી રહ્યું છે. આ ધરતીની યુગોથી પ્રાર્થના હશે કે મારા અંકે સૌ મૌન પારાયણ કરી મને પણ શીતળતા ધરે, મને પણ હાશ ધરે, મને પણ ધન્ય કરે.

ધરતીમાતાની આ પ્રાર્થના શતાબ્દીપર્વે સાંભળી છે, ને સૌએ પારાયણ કરીને જાણે એ મહાપુરુષની ષોડશી મહાપૂજા કરી લીધી છે.

સ્વર્ગારોહણની ધરતીની અધ્યાત્મસંપત્તિનું સંવર્ધન આવાં પારાયણોથી થતું રહે છે. પરિણામે આ સ્વર્ગારોહણ તીર્થની તાકાત વધતી રહે છે. તીર્થ તાકાતવાન બને તો આ ધરતી સૌને હાશ ધરનારી કરે, જીવંત તીર્થનો મહિમા ધારણ કરે.

–(તા.૨૨/૭/૨૦૨૧)

★

એક બેઠકે બેસીને પારાયણ કરનારે યાદ રાખવાનું છે કે, જેમ આપણે પલાંઠી વાળી છે એ રીતે પરમાત્મા પણ આપણા જીવનમાં પલાંઠી વાળવા તૈયાર થાય. તેને માટે જ આ પારાયણ છે.

પરમાત્માને આપણા જીવનમાં પ્રવેશવાનું, પધારવાનું, પથરાઈ જવાનું મન થવું જોઈએ; તો જ પારાયણ સફળ ગણાય.

–(તા.૨૩/૭/૨૦૨૧)

★

આ ‘મા’નું આરોગ્ય જાણે દશે દિશાથી સ્વસ્થ છે. એટલે



રમતરમતમાં ‘મા’ ૨૫૧ વાર પ્રાર્થના સાથે પ્રભુના શ્રીચરણે ઝુકી રહ્યાં છે.

ઝુકીને જીવી જવાનું સસ્તું પડે. જ્યાં ત્યાં સમજપૂર્વક ઝુકો તો જીત જ છે.

ઝુકીએ એટલે ખાલી થઈએ અને ખાલી થઈએ એટલે ક્ષણમાં તો ભરાઈ જઈએ, ઉભરાઈ જઈએ, ખીલી ઊઠીએ, સુગંધિત બની જઈએ.

ઝુકવાના અનંત માર્ગ છે. તો જીતવાના પણ અનેક માર્ગ છે. જપથી, તપથી, પ્રણામથી, વ્રતથી, પવિત્ર જીવનથી, સાધનાથી, પ્રેમથી જીતી લેવાશે.

અહીં ‘સ્વર્ગારોહણ’માં શતાબ્દીપર્વે સૌ પ્રભુને જીતી લેવા, પોતાના કરી લેવા, કૃપા પામી લેવા, આશીર્વાદ લઈ લેવા પારાયણ નામની પવિત્ર સીડી ઉપર સૌ મથી રહ્યાં છે.

★

એ ગ્રંથ સામાન્ય નથી. એના દરેક પૃષ્ઠ ઉપર તપ-તેજ ભરી, એ સમર્થની હૂંફ પથરાયેલી છે. એ પૃષ્ઠના એકેએક અક્ષર જીવી બતાવવાની જેની જેની તૈયારી હોય તેની તેની પાછળ પેલો ત્રિલોકનો નાથ પગલામાં પગલું ભરતો રહે.

એ ગ્રંથના લેખનમાંથી પ્રેરણા લઈને જીવી બતાવવાની જવાબદારી વાચકની છે.

પારાયણ પર્વના આંકડા ગમે તેટલા મોટા હોય. વાંચીને હાશ ધરનારા હોય. પણ એટલેથી જ અટકી જવાનું નથી.

**–શ્રી ‘મા’ સર્વેશ્વરી**

## ॥ 'સ્વર્ગારોહણ'માં 'મૌન પારાયણ'નું નૂતન આધ્યાત્મિક અભિયાન ॥

'પારાયણ' એટલે નિર્ધારિત સમયમાં કોઈ એક ધાર્મિક ગ્રંથનું સળંગ પઠન-વાચન. 'સ્વર્ગારોહણ'માં પરમ સદ્‌ગુરુશ્રી યોગેશ્વરજીના 'શતયોગવંદન' સંદર્ભમાં એને આયોજિત કરી. આપણાં પરમ પ્રેમમયી પૂ.શ્રી'મા' એ એને પર્વનું ગૌરવ બક્ષ્યું, અને એની આગળ 'મૌન' વિશેષણ યોજી, નૂતન આધ્યાત્મિક અભિયાનનું સ્વરૂપ આપ્યું. ૧૦૮ સાધકોએ સહભાગી બની, 'મૌન પારાયણ પર્વ'ની પુષ્પમાળ પૂજ્યશ્રી યોગેશ્વરજીને ધરી; ધન્ય બન્યાં.

પૂજ્યશ્રી 'મા'નું અદ્‌ભુત આયોજન અદ્‌ભુત સફળતાને વર્યું. તેઓશ્રીના પવિત્ર હસ્તાક્ષરોમાં લિખિત એ આયોજન 'મૌન પારાયણ'નો દૃઢ મજબૂત પાયો બન્યો; એનું અક્ષરશઃ દર્શન-વાચન-શ્રવણ જ 'આશીર્વાદનાં અમીછાંટણાંરૂપે' અહીં પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે :

**॥ ૐ યોગેશ્વરાય (મૌન પારાયણ) નમઃ ॥**

અર્થાત્ અમે 'મૌન પારાયણ' દ્વારા પૂજ્યશ્રી યોગેશ્વરજીને પ્રણામ કરીએ છીએ. સ્વર્ગારોહણ નિશદિન રટાતા 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રની મધ્યે 'મૌન પારાયણ' પ્રતિષ્ઠિત કરી, પૂજ્યશ્રી 'મા' નમસ્કારની ક્રિયાને અદકેરા પ્રેમથી સુગંધિત કરી દે છે. પછી ત્રણ અતિ સ્પષ્ટ વિભાગોમાં આખુંયે આયોજન પ્રસ્તુત કરે છે :

| પ્રથમ દિવસ | | બીજો દિવસ | | ત્રીજો દિવસ | |
|---|---|---|---|---|---|
| સમય | પૃષ્ઠો | સમય | પૃષ્ઠો | સમય | પૃષ્ઠો |
| ૯ થી ૧૦ | ૨૫ પૂર્ણ | ૯ થી ૧૦ | ૧૦૦ પૂર્ણ | ૯ થી ૧૦ | ૧૭૫ પૂર્ણ |
| ૧ થી ૨ | ૫૧ પૂર્ણ | ૧ થી ૨ | ૧૨૫ પૂર્ણ | ૧ થી ૨ | ૧૯૬ પૂર્ણ |
| ૫ થી ૬ | ૭૫ પૂર્ણ | ૫ થી ૬ | ૧૫૦ પૂર્ણ | | |



| ત્રણ બેઠકના અંતે | ત્રણ બેઠકના અંતે | બે બેઠકના અંતે |
|---|---|---|
| ૪૫ પ્રકરણ પૂર્ણ | ૮૬ પ્રકરણ પૂર્ણ | કુલ ૧૧૦ પ્રકરણ પૂર્ણ |
| ૭૫ પૃષ્ઠો પૂર્ણ | ૧૫૦ પૃષ્ઠો પૂર્ણ | ૧૯૬ પૃષ્ઠો પૂર્ણ |

ત્યારબાદ કડક શિસ્ત અને સંયમિત અનુશાસનના નિયમો દર્શાવે છે :

—સ્વર્ગારોહણની 'નિત્ય બેઠકો'માં તો સૌએ હાજર રહેવાનું છે.
(વિશેષ સાધનાને નામે નિત્ય સાધનાની ઉપેક્ષા નથી કરવાની)

—પારાયણમાં ભાગ લેનાર ફળાહાર પર રહેશે.
(ફળાહારનું વૈવિધ્ય-બહુલતા અન્નપૂર્ણા જ નહિ ભાવપૂર્ણા 'મા'નાં પ્રતીક હતાં)

—સૌ નીચે બેસીને જ પારાયણ કરશે.
(ફર્શ પર મમતાવાળુ 'મા'એ ગાદી બિછાવી હતી)

—ભાગ લેનારા સૌ સમય થતાં જ પારાયણ માટે સાથે જ બેસશે અને સમય થાય ત્યારે જ, સૌ સાથે જ ઊઠશે.
(સાધકોમાં રખેને સ્પર્ધાભાવ આવી જાય ! કેવી સૂક્ષ્મ તકેદારી 'મા'ની !)

—નવ મંત્ર સમૂહમાં બોલી સૌ પારાયણનો પ્રારંભ કરશે. પૂર્ણાહુતિમાં પણ નવમંત્ર સમૂહમાં બોલશે.
(નિત્ય શિષ્ટાચાર, સંવાદિતા સર્વદા સાચવવાનાં)

—વહેલું પારાયણ થઈ ગયું હોય તો પણ તે ત્યાં જ બેસી જપ, પ્રાર્થના કરશે. (મૌન સાથે)
(સાધકોમાં આગળ-પાછળનો ભાવ ન જાગે, એ માટે સાવધાન કરે છે)

—પારાયણ દરમ્યાન જેને જેટલા 'વરદ હસ્ત' ગાવા હોય તે ગાઈ શકે છે.
(કોઈપણ કારણે, કોઈપણ ક્ષણે થતી આ પ્રાર્થના અમોઘ છે.)

—દરેક પ્રકરણના અંતે પણ 'વરદ હસ્તે' ગાઈ શકાય. (મૌન સાથે)

● 'સ્નાન'નું (શુદ્ધિ-સ્વચ્છતા-પવિત્રતાનું) માહાત્મ્ય કરવા તેના નિયમો–
–ત્રણ બેઠકના વચ્ચેના વિશ્રામ સમયે
–સવારે વંદના પછી નવ વાગ્યા સુધીમાં
–બપોરે દશથી એક વાગ્યા સુધીમાં
–સાંજે બે થી પાંચ વાગ્યા સુધીમાં
–જો આપણે લઘુશંકા કે દીર્ઘશંકા માટે પ્રવૃત્ત થયા હોઈએ તો પોતે જ પ્રામાણિક બનીને સ્નાન કરી લેવાનું યાદ રાખશો.

કોઈપણ આધ્યાત્મિક પ્રવૃત્તિ માત્ર સ્થૂળ ક્રિયાકાંડ, બાહ્ય ઉપચાર, કે જડ કર્મ ન બનતાં, જાગૃત, પ્રાણવંત અભિયાન બની, આપણા ચૈતન્યતત્ત્વને રણઝણતું કરી દે, એ જ શુભાશય પૂજ્યશ્રી'મા'નો અહીં છલકતો જોઈ શકાય છે, અનુભવી શકાય છે.

'પારાયણ' આગળ 'મૌન' શબ્દ પ્રયોજી પૂજ્યશ્રી'મા'એ સ્નેહથી સૂચવી દીધું છે કે, બાહ્ય ઘોંઘાટો, કોલાહલો, શબ્દોની ચહલપહલથી દૂર થઈ, નીરવ બનશો તો જ 'પારાયણ'માંથી ઉદ્‌ઘાટિત થતા શબ્દો સાથે, તમારી ચેતનાનું અનુસંધાન થઈ શકશે; જે છેવટે ભીતરના સંગીતને સાંભળવા સક્ષમ બનાવશે.

દરેક સાધકે છેવટે તો ભીતર રહેલી આત્મસંપદાનો અનુભવ કરવાનો છે. એ માટે તો બધાં આધ્યાત્મિક અભિયાનો છે. પૂજ્યશ્રી 'મા'ના અભિયાનમાં કવિશ્રી નરસિંહ મહેતાના શબ્દોનો પ્રતિઘોષ સ્પષ્ટ સંભળાય છે :

**'જ્યાં લગી આત્મા તત્ત્વચિન્યો નહિ**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'**

–સંપાદન



# ॥ સદ્‌ગ્રંથનો સંજીવની-સ્પર્શ ॥

પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મશતાબ્દી પર્વે 'સ્વર્ગારોહણ'માં 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' (જીવનચરિત્ર) ગ્રંથના ત્રિદિવસીય પારાયણમાં સહભાગી થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું, તેનો અનેરો આનંદ માણ્યો.

પારાયણમાં સમ્મિલિત સાધકો માટે વિશેષ નિયમો હતા, જે સૌથી પાળી શકાયા.

અહીં સર્વત્ર પ્રેમ અને કરુણાનું સામ્રાજ્ય હતું. અદકો કૃપાનુગ્રહ અનુભવાતો હતો. 'યોગશૈવલ્યમ્' (પારાયણ સ્થાન)માં સુખ-સગવડભરી આકર્ષક, સુંદર બેઠક વ્યવસ્થા તેમજ સ્વચ્છતા પૂ.શ્રી'મા'ની શ્રેષ્ઠ આયોજનશક્તિ(કલા)નું સ્મરણ કરાવતી હતી. સવિશેષ તો હૉલમાં વિરાજિત પંચદેવનાં જીવંત સ્વરૂપો અપૂર્વ શાંતિ પ્રસન્નતા પ્રસારતાં હતાં. સૌનાં શરીર, મન અને સ્વાદેન્દ્રિય સંવાદી બની હરિસ્મરણમાં અનુકૂળતા ધરી ઉત્સાહમાં ઉમેરણ કરતાં હતાં. અમારું ચિત્ત આનંદલોકની સેજ પર નિરાંતનો શ્વાસ ભરતું હતું. કોઈ દિવ્ય, અલૌકિક, સુગંધિત વાયુમંડળ સતત ઊર્જા પ્રદાન કરતું હોય તેવું જણાતું.

ગ્રંથવાચનમાં અંતઃકરણ એકાગ્ર રહેતું. ચરિત્રલેખકની કથનશૈલી તેમાં સહાયક બનતી હતી. નાનાં-ટૂંકાં ૧૧૧ પ્રકરણોમાં વિભાજીત આ જીવનચરિત્રમાં દરેક પ્રકરણની શરૂઆતમાં આવતું તેના હાર્દ સમું સૂત્ર રસની ખાસ જમાવટ કરતું હતું. ગ્રંથનું રૂપ પણ 'યોગેશ્વર અષ્ટકમ્'ની પંક્તિ...'કાયા મધ્યમ ગૌર વર્ણ દીપતો માહેશ્વરી તેજથી...' સાથે સામ્ય ધરાવતું લાગ્યું.

સાક્ષાત્ વેદસ્વરૂપ, પરમજ્ઞાની, સિદ્ધ-સમર્થ છતાં સાવ સાદા, સરળ, શાંતિભર્યા, પ્રેમાવતાર એ મહાપુરુષ ઉરની આંખ સામે તરવરતા હતા. વાચન કરતાં કરતાં જાણે તેઓની પ્રત્યક્ષ સંનિધિ સાથે સંવાદ સધાતો હોય તેવું લાગતું. કથાવાચનમાં એવું તો તરબોળ થઈ જવાતું કે બાહ્ય જગત કે અન્યથા વિચાર કશું પ્રવેશતું જ નહિ. પૂ.શ્રી'મા'ના રક્ષાકવચની અજબ કિલ્લેબંધીમાં અમો સર્વે સુરક્ષિત હતા !

બેઠકક્રમની મધ્યમાં મળતા વિશ્રામમાં એ મહાનતમ સંત વિભૂતિના સ્મરણવિશ્વે નવીન શક્તિથી પુનઃ ભરાઈ જવાતું !

આ સદ્‌ગ્રંથ મને મારો અતિપ્રિય મિત્ર, પરમસ્નેહી-સ્વજન, માર્ગદર્શક અને ઈષ્ટ પ્રતીત થયો. તે જ્ઞાનોષધિનો ભંડાર જણાયો. તેમાં વર્ણિત પ્રત્યેક ઘટના-પ્રસંગ તાત્ત્વિક બોધ આપી સંજીવની સ્પર્શ આપે છે.

તેમાંનો એક ઉપયોગી, આવશ્યક જ્ઞાનબોધ કરાવતો હૃષિકેશની દેવકોરબાઈ ધર્મશાળાનો પ્રસંગ લઈએ. તેમાં યોગેશ્વરજીની મેનેજર તરીકે નિમણૂક થઈ. ત્યાં વિરોધી વર્તન ધરાવતી લક્ષ્મીદેવીના અપમાનજનક, દ્વેષપૂર્ણ, કટુ વ્યવહાર સામે પૂ.શ્રી યોગેશ્વરજીનો મધુર પ્રેમપૂર્ણ, શાલીન, વિનમ્ર વાર્તાલાપ : કે 'મારો હેતુ તમને દુઃખી કરવાનો નથી. હું તો ટ્રસ્ટીઓએ સોંપેલું કાર્ય કરું છું...'માં ભરપૂર સંવેદના છે. આ વાત વેરની સામે વેર નહીં પણ પ્રેમના પાવન શસ્ત્રનો સર્વોત્તમ સંદેશ પ્રગટ કરે છે. જે લક્ષ્મીદેવીની અંતિમ પળોમાં પશ્ચાતાપનું રૂપ લે છે.

મનુષ્યજીવનને સફળ કરનારાં અમૂલ્ય મૌક્તિકો આ ગ્રંથમાં છે. ૧૦૯૩ પૃષ્ઠોની બૃહદ આત્મકથાને સુગ્રથિત, સુચારુ જીવનકથાનો કુશળતાપૂર્વક આકાર અપાયો છે. લેખકની ઉત્તમ દોહનકલા, સમ્યક્ દૃષ્ટિ, સારગ્રાહિતા અને પરિશ્રમ ધ્યાનાર્હ છે.

**—શ્રી અરુણાબેન ઠાકર**



# ॥ અશક્યને તેં શક્ય કર્યું ॥

कर्तुम् अकर्तुम्, अकर्तुम कतृम वा अन्यथा कर्तुम स एव ईश्वर

કરવાનું ન કરે, ન કરવાનું કરે, અથવા બીજી રીતે કરે તે ઈશ્વર.

દરરોજ પ્રાર્થનામાં પ્રભુનો આભાર માનતાં ઉપરની પંક્તિ ગાઈએ પણ તેને ચરિતાર્થ થતી જોઈએ ત્યારે મનમયૂર નાચી ઉઠે.

છેલ્લા દોઢેક માસથી મને ઢીંચણની તકલીફ શરૂ થઈ ચાલવા, ઉઠવા, બેસવાની ખૂબ તકલીફ પડે. હિંમત કરી મુંબઈથી આવી ગઈ પણ પારાયણમાં દરરોજ સાડાત્રણ કલાક નીચે બેસવાનું મારે માટે Physically impossible task હતો. પણ 'મા' જેનું નામ ! મારાથી ત્રણ દિવસ ૧૩-૧૪-૧૫ તે પારાયણ થયું. તેમની અસીમ કરુણા અને કૃપા અને અનન્ય અનુગ્રહનો અનુભવ થયો. પળે પળે આંસુ સાથે આભાર માનતાં માનતાં તે કરુણેશ્વરી 'મા'ની અનહદ કૃપાવર્ષાને માણી.

૨૧ તારીખે પારાયણ પૂર્ણ થયા પછી પૂ.શ્રીએ 'મા'એ નવીન પ્રયોગ કરાવ્યો. એક બેઠકીય પારાયણ. એટલે અનસ્ત સૂર્યનું પારાયણ એકી જ બેઠકે કરવાનું. વચ્ચે ઊભા થઈ શકાય. દેહધર્મો નડે તો સ્નાન કરી આવી શકાય પણ નિર્જળા વ્રતથી તે પારાયણ કરવું પડે.

મારી અગાઉ ઘણા ભાઈબહેનોએ કર્યું. બધા જ શ્રી શ્રી 'મા'ની કૃપાથી સફળ થયા. એટલે મેં પણ નામ લખાવી હિંમત

કરી પ્રથમ દિવસે પૂ.'મા'એ વિનંતિ માન્ય ન રાખી. હાર્ટ પેશન્ટ છો, ડાયાબિટિક છો પૂરેપૂરો વિચાર કરી જુઓ. પ્રભુને અને 'મા'ને રાતભર પ્રાર્થના કરી. હે પ્રભુ ! આ શતાબ્દિ વર્ષમાં હું આ સાધનાથી વંચિત ન રહી જાઉં આપ બંને કૃપા કરો મારે તો તમારો જ આશ્રય છે. મને આપમાં અખૂટ શ્રદ્ધા છે જો જો હું નિરાશ ન થાઉં ! જેવી આવડી તેવી પ્રાર્થના કર્યા જ કરી અને એ પ્રાર્થનાનો ઉત્તમ પ્રતિસાદ મળ્યો હું પાંચ કલાક એક પણ વાર ઊભી થયા સિવાય સળંગ બેસી શકી. પારાયણ પૂર્ણ થયું આંખો સતત કૃતજ્ઞતાથી વરસતી રહી. હે પ્રભુ ! હે મા! આપનું આ ઋણ શી રીતે વાળું ?

પારાયણ કરતાં કરતાં પ્રભુને કહ્યું આપે જગદંબાને જે પ્રાર્થનાઓ કરી છે એ ભાવ મારામાં જગાડો અને મહેરબાની કરીને સાંભળો. અને જાણે પ્રાર્થના ખરેખર સાંભળાઈ ! પૂ.'મા'એ વહાલથી ત્રણ વાર દર્શન આપ્યાં. રક્ષાકવચરૂપી ખેસ અને પ્રસાદ આપ્યો હવે તો થોડુંક જ બાકી છે એવું છેલ્લીવાર કહ્યું પહેલી વાર ૬૨ પ્રકરણ જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. યોગાનુયોગ બીજી વાર દક્ષિણેશ્વરમાં પ્રભુને 'મા' કુંવારિકારૂપે દર્શન આપે છે. ત્યારે 'મા' પધાર્યાં એટલો આનંદ થઈ ગયો. આંખમાં આંસુ જ આવ્યા બીજી શું અભિવ્યક્તિ પણ હોય !

પૂ.'મા'ની હાજરી મૌનમંદિરનાં આંદોલનો અને સ્થળના પ્રભાવે એકપણ વાર ઉઠ્યા વગર પાંચ કલાક સુધી પારાયણની સાધના થઈ શકી હે મા ! મારી પાસે કોઈ શબ્દો નથી પ્રભુની



જીવનકથા કૃપાવર્ષા સાથે માણી. પ્રાર્થના સાધના છે એ અનુભવ્યું. પ્રાર્થના પ્રતિકૂળતાના ઈતિહાસને પ્રભુને અભિપ્રેત તેવી સકારાત્મકતાથી માણ્યો. સતત ચિંતનમાં મગ્ન રહેવાયું. અવનવા આનંદનાં આંદોલનો અનુભવ્યાં. એક નવી આધ્યાત્મિકતાનો જાણે ઉઘાડ થયો.

ફૂટ્યા અંકુર કોમળાં જીવંત થયાં, આત્મવંતાં થયાં ! એક અગમ્ય અને અદ્ભુત અનુભૂતિને પામ્યા. એ જગદંબાની હાજરીમાં દેહાધ્યાસ છૂટી ગયો. વેદના વિસરાઈ ગઈ એનો સ્વયં અનુભવ થયો.

પૂ.કાકા સતત કહેતા કે; 'મા' આપનું આપના દેહ પર તો અનુશાસન છે પણ 'મા' આપની હાજરીમાં અમે સહુ પણ અમારા દેહ પર અનુશાસન અનુભવીએ છીએ. પહેલાં પણ આવા અનેકવાર અનુભવ થયા પતંજલિ મુનિએ કહેલું; 'વ્યાધિ પણ સાધનામાં એક વ્યવધાન.' પણ 'મા'એ સાબિત કરી આપ્યું કે; 'અમે તમારા એ વ્યવધાનને પણ સહજ રીતે દૂર કરી શકીએ છીએ.'

ફરી ફરી હે 'મા' પ્રભુ ! આપના ચરણોમાં અગણિત વંદન કરી, કૃતજ્ઞતાપૂર્વક આભારવશ થાઉં છું, જય હો આપની અસીમ શક્તિઓનો ! 'મૂંગાને બોલાવે, પંગુને પર્વત ઓળંગાવે.'

—એવી આપની કૃપાશક્તિને કોટિ કોટિ પ્રણામ !

**—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**

# ॥ સાધનાત્મક વિકાસનું સોપાન ॥

'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'નું પારાયણ પર્વ.

પ્રેમ સ્વયં 'મા' બની બાળકના આત્મિક ઉત્થાન માટે વિચારે તેના ભાગરૂપે ૧૦૮ વ્યક્તિ દ્વારા ૩ દિવસમાં અનસ્ત સૂર્યનું પારાયણ કરે. આ શુભ સંકલ્પ શ્રી'મા'એ કર્યો, અને પારાયણને ત્રણ વિભાગમાં કરવામાં આવ્યું. ૩૬ વ્યક્તિનો એક વિભાગ એવા ત્રણ વિભાગ-૧૦૮-દૂધ, ફળ ઉપર રહીને પારાયણ કરવાનું. એટલે નિદ્રા, આળસ ના રહે. (સવારના ૯ થી ૧૦, ૧૧ થી ૧૧.૩૦, ૧ થી ૨ અને ૫ થી ૬ આ રીતે બેઠકમાં કહેલાં પૃષ્ઠો વાંચવાનાં આ રીતની સુંદર વ્યવસ્થા હતી. ગ્રંથ મૂકવા માટે ઘોડી, તેના ઉપર શ્વેત રૂમાલ, શતાબ્દી વર્ષનું માર્કર, વરદ હસ્તની બૅગમાં રક્ષમામ્‌ની શાલ, વિવેકાનંદજીનું નાનું પુસ્તક, પ્રસાદ વગેરે આપીને આશીર્વાદ આપ્યા.)

પૂ.'મા'એ પ્રથમ બેઠકમાં વરદ હસ્ત ગાઈને પારાયણની શરૂઆત કરી.

'મા'. આપને ખૂબ ખૂબ ધન્યવાદ, અમને આ પર્વમાં લાવ્યા અને પારાયણ સંપન્ન કરાવ્યું.

જે કોઈ ભક્ત સાધક પોતાના અંતરમાં પ્રભુ માટેના પ્રેમને જાગ્રત કરવા ઈચ્છે એને આ પારાયણ જરૂર કરવું. ઘરે દરરોજ પાંચથી દસ પ્રકરણનું વાંચન થાય તો જીવનમાં સાધના, સાધનાત્મક વિકાસ જરૂર થાય.

પૂ.શ્રી ગુરુભગવંત અને તેમના પ્રેમસ્વરૂપ પૂ.'મા'ની



સંનિધિમાં, આ પારાયણ કરવાનું શક્ય બન્યું છે. સૌનાં ખૂબ ઉત્સાહ, આનંદ અને પ્રેમથી આ પારાયણ થયું છે. સદ્‌ગ્રંથ સાહેબની પવિત્રતા જળવાય તેવી કાળજી પૂ.'મા'એ જ રખાવી. પ્રકાશપંથમાંથી હૃદયને સૌથી વધુ સ્પર્શે એ પ્રભુનો 'મા' જગદંબા માટેનો પ્રેમ અને એ પવિત્ર પ્રેમના જ બળે થયેલી પૂ.'મા' જગદંબાને પ્રાર્થના, ઉપવાસ અન પૂ.શ્રીની ધીરજ અને અખંડ શ્રદ્ધા, ઉત્સાહ અને કદી નાસીપાસ ના થવું. જગદંબા 'મા'ની ઈચ્છામાં જ સદા પ્રસન્ન રહેવું.

પૂ.શ્રી યોગેશ્વરજીના જીવનમાં મુખ્ય કેન્દ્રવર્તી વિચાર અધ્યાત્મનો છે, અને એના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી આ સમગ્ર સૃષ્ટિમાં 'મા' જગદંબાનાં દર્શન સતત કરીને પ્રાણીમાત્ર માટે જે અનુકંપા છે પ્રેમ, કરુણા છે. સૌને ઉપયોગી થવું, સૌનું કલ્યાણ કરવાની, સૌને સુખી કરવાની જે ભાવના છે.

પ્રાર્થના કેવી કરવી, શું માગવું. જીવમાં પવિત્રતા, પ્રેમ, ધ્યેય, નિષ્ઠા, સંયમ, સદાચાર, હિંમત, સાદાઈ, પ્રભુનાં દર્શનની લગન, પ્રેમને કારણે થયેલા પાણી અને પાણી વગરના ઉપવાસ વગેરે. સૌ પૃષ્ઠો ઉપર પ્રકાશને ઝીલીને જીવનમાં એને આત્મસાત્ કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

હે પ્રભુ ! તમારો પવિત્ર પ્રેમના એક અંશ અમારા હૃદયમાં પ્રગટાવજો. તમારાં જ કરીને ઠારજો, શ્રી અંકે લઈને શ્રી ચરણે લઈને તમારામાં જ સમાવજો.

આ સદ્‌ગ્રંથનું પારાયણ કરીને હૃદયમાં સાચો વિશ્રામ પ્રાપ્ત થઈ રહ્યો છે.

**—શ્રી પૂર્ણિમાબેન**

## ॥ શ્રી સાન્નિધ્યે 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'નું પારાયણ ॥

સ્વર્ગારોહણમાં 'મા' ભગવતીના શ્રી સાન્નિધ્યમાં નિવાસ એ માત્ર પૃથ્વી જ નહીં પણ ત્રણે લોકનું સૌભાગ્ય છે. ગોપીઓ કહેતી હતી કે 'મારું વૃંદાવન છે રૂડું રે વૈકુંઠ નહીં રે આવું.' એ રીતે આપણા માટે સ્વર્ગારોહણ વૈકુંઠથી પણ અદકું છે. પૂજ્ય 'મા' સંગે દિવ્યલોકની અનુભૂતિ સતત થયા જ કરે છે. મારે જ્યારથી સ્વર્ગારોહણ આવવાનું થયું છે ત્યારથી દર મહિને ઓછામાં ઓછા એક દિવસ એ સ્થળની દિવ્યતામાં રહેવાનો નિયમ કાયમ જળવાયો છે પણ છેલ્લે યુવાનોની પદયાત્રા બાદ કોરોનાના કારણે પૂજ્ય 'મા'નાં દર્શન દુર્લભ બની ગયાં હતાં. નિયમોને વધાવતાં, ઘરે જ રહીને પૂજ્ય 'મા'ને પ્રાર્થનાઓ થતી રહેતી હતી. 'મા' ભગવતીએ આ પ્રાર્થનાઓ સાંભળી હોય અને જાણે સ્વર્ગારોહણ બોલાવ્યા હોય તેમ તમામ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ અને લગભગ ૧ વર્ષ ૪ માસના વનવાસનો અંત આવ્યો. જે 'મા' અને પ્રભુની સમીપે કાયમ રહેવા માટે દિલ ઝંખે છે તે અમૃતરસનું પાન કરવાનો સમય આવી પહોંચ્યો. શ્રી સંનિધિમાં અનસ્ત સૂર્યના ત્રણ દિવસના પારાયણમાં મેં પ્રથમ બૅચમાં જ મારું નામ નોંધાવ્યું હતું. 'મા' ભગવતીની કૃપાથી સર્વ પરિસ્થિતિ સાનુકૂળ બની.

આગલા દિવસે સાંજે જ અમે સ્વર્ગારોહણ પહોંચી ગયા હતા અને સંધ્યાવંદના બાદ પૂ.'મા'એ ગેલેરીમાંથી દર્શન આપ્યાં અને સૌને પ્રસાદ પણ આપ્યો. બીજા દિવસે સવારે ૬ વાગે ધ્યાનની બેઠક સાથે કાર્યક્રમની શરુઆત થઈ. સવારે પોણા ૯ વાગ્યે સૌને પૂજ્ય 'મા'એ દર્શન ધર્યાં. સંનિધિસુખ અને દર્શનના લાભથી સૌ આત્માઓ પાવન થયા. પૂ.'મા'એ કહ્યું કે,



કોરોનાના કારણે શતાબ્દિ વર્ષ મોડું શરૂ થયું છે. હવે આજે તા.૧૩/૭/૨૧ થી ૧૨/૭/૨૨ સુધી શતાબ્દિ વર્ષ છે. આપણે કોરોનાના કારણે જે નિયમો પાળી શક્યા નથી તે પાળીશું. પૂ.'મા'એ સૌને રક્ષમામ્‌નો ખેસ, પિતાંબર, જનોઈ, ઉપવસ્ત્ર, ડાયરી, જીવનના ભાથા સમા કેટલાક લઘુગ્રંથો, કીચેઈન, રૂમાલ વગેરેની પ્રસાદી આપી. પૂ.'મા'એ એ પણ શીખવાડ્યું કે રૂમાલ બેઠક ઉપર પાથરવાનો અને તેની ઉપર સદ્‌ગ્રંથને પધરાવવાનો. આ રીતે 'મા' ભગવતીના આશિષ સાથે કાર્યક્રમની શરુઆત થઈ. એ સૌ જીવો સૌભાગ્યશાળી હતા, જેમને પૂર્વે કદી ન આવેલા અને ભવિષ્યમાં કદી ન આવનારા શતાબ્દિવર્ષના આરંભના મણકા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

'અધ્યાત્મના અનસ્ત સૂર્ય : પૂ.શ્રી યોગેશ્વરજી'ના પારાયણ માટે કેટલાક નિયમોનું સૌએ પાલન કરવનું હતું. જેમાં ત્રણ દિવસ સુધી અન્નના બદલે ફળ, દૂધ વગેરેનો પ્રસાદ જ ગ્રહણ કરવો, શુદ્ધિ માટે શૌચ કે બાથરુમ ગયા પછી સ્નાન કરીને જ આવવું, હૉલમાં પ્રવેશતાં પહેલાં રક્ષમામ્‌નો ખેસ ધારણ કરવો અને ભૂદેવો માટે ધોતી ધારણ કરવાની હતી. આમ લગભગ સૌ ધોતી કે ભારતીય વસ્ત્રોમાં જ સજ્જ હતા અને પૂજ્ય પ્રભુની પ્રતિકૃતિ જેવા દેદીપ્યમાન બનીને શોભી રહ્યા હતા. સવાર, બપોર, સાંજની કુલ ત્રણ બેઠકો હતી.

હૉલમાં ખૂબ જ દિવ્ય અને પવિત્ર વાતાવરણ હતું જે અનુભૂતિનો વિષય હોવાથી તેનું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે. જાણે સતયુગમાં સદ્‌ગુરુના આશ્રમમાં શિષ્યો વેદોનું અધ્યયન કરી રહ્યા હોય તેવો એ માહોલ હતો. સૌ પોતાપોતાની બેઠક પર બિરાજમાન હતા જે ધોતી અને પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ ઋષિકુમારો જેવા હતા. ખંડમાં ટાંકણી પડે તો

પણ અવાજ સંભળાય તેવી શાંતિ હતી. આજુબાજુમાં કોણ શું કરે છે તે જોવાની પણ કોઈને દરકાર નહોતી. સૌ પોતપોતાના પારાયણમાં પૂ. પ્રભુ સાથે એકતાનતા સાધીને લીન બની ગયા હતા. મનમાં પણ સર્વ વિચારો શાંત થઈ ગયા હતા. પ્રભુના જીવનના પ્રત્યેક પ્રસંગોમાંથી આપણા જીવનને પણ એવું બનાવવાની પ્રેરણા મળતી હતી અને પ્રાર્થનાઓ પણ થતી જતી હતી. કેટલાક પ્રસંગો જાણે પૂર્વજન્મમાં પ્રભુના સાન્નિધ્યની સ્મૃતિઓ જગાડતા હતા. હૃદયના સમસ્ત ભાવો પ્રભુ સાથે જોડાઈ ગયા હતા.

ત્રણ દિવસના આ અમારા વૈકુંઠથીયે અદકા ‘સ્વર્ગારોહણ’ લોકના નિવાસ અને ‘અનસ્ત સૂર્ય’ના પારાયણ દરમિયાન પ્રભુની કૃપાના અને કસોટીના કેટલાક પ્રસંગો બન્યા જેનો ઉલ્લેખ કરવો અહીં અસ્થાને નહીં જ ગણાય. એ દિવસોમાં અમને સમયનું મહત્ત્વ પણ ખૂબ સરસ રીતે સમજાયું. બેઠકના સમયે ધોતી પહેરીને સજ્જ થવા માટે ક્યારેક દોડાદોડી પણ થતી હતી. અમારું આખું જીવન સમયબદ્ધ રીતે ચાલી રહ્યું હતું.

પ્રથમ દિવસે ૧૦ વાગ્યાની બેઠક બાદ ૧૧:૩૦ની ૫ મિનિટ પહેલાં સૂચના મળી કે પૂ.‘મા’ની સૂચનાથી ફરી બેઠક છે અને સૌએ તૈયાર થઈને જવાનું છે. દરેક બેઠકમાં સમયસર પહોંચવાની સૂચના હતી. સાથે બાથરૂમ ગયા પછી શુદ્ધિ માટે સ્નાન કરવાનું હોવાથી હું તુરત જ સ્નાન માટે ઉપડ્યો અને તેના કારણે હું પહોંચ્યો ત્યારે બેઠક શરૂ થઈ ગઈ હતી. બહાર શ્રી રાજુકાકા હતા. તેમણે મને પૂ.‘મા’એ આપેલા ટીશર્ટની પ્રસાદી આપી અને સાથે સૂચના પણ આપી કે આપ મોડા આવ્યા છો. બેઠક પૂરી થાય તે પછી પ્રભુને ૧૧ પ્રણામ કરીને માફી માગી લેજો અને હવે પછી મોડું ન થયું જોઈએ. તેનું અક્ષરશઃ



પ્રેમથી પાલન કર્યું હતું. એ સમયે પણ એવી ભાવના હતી કે આપણા ગુરુદેવ જે પણ આજ્ઞા આપે તેનું મરણાન્તે પણ પાલન કરવું જોઈએ પણ એક આજ્ઞાનું પાલન કરવા જતાં બીજી આજ્ઞાનું ઉલ્લંઘન થઈ ગયું હતું. ભવિષ્યમાં ‘મા’ પ્રભુ દરેક આજ્ઞાનું પાલન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. શ્રી સદ્‌ગુરુની પ્રત્યેક આજ્ઞા અને ઈચ્છા આપણું પરમ કલ્યાણ સાધનારી હોય છે.

પ્રથમ દિવસે બીજો પણ એક અનુભવ થયો. રાત્રે સંધ્યાવંદનામાં જે બાવની વગાડવામાં આવતી હતી તેમાં અમુક શબ્દો સંભળાતા તો હતા પણ સમજાતા નહોતા એટલે અમે સાથે ગાઈ શકતા નહોતા. એથી સહજ રીતે પૂ.‘મા’ને પ્રાર્થના થઈ કે હે ‘મા’ આમાં શબ્દો સમજાતા ન હોવાથી અમો ગાઈ શકતા નથી. એ જ રાત્રે શ્રી દીપુબેને પૂ.‘મા’ તરફથી સૂચના આપી કે સૌએ બાવની ગાવાની છે અને ગરબાના રાગમાં હોય તો ગરબા પણ કરવાના છે. સવારથી જે બાવની વગાડવામાં આવી તેમાં શબ્દો સ્પષ્ટ રીતે સમજાતા હતા તેથી થયું કે પૂ.‘મા’ આપણી પ્રાર્થના સાંભળે છે.

એક નાનકડી કસોટી પણ થઈ. પ્રથમ દિવસે પાંચેક વખત સ્નાન કર્યા બાદ બીજા દિવસથી શરીરમાં કળતર હોય તેવું અનુભવાતું હતું. આ સાથે દસ્તની પણ સમસ્યા શરૂ થઈ જેથી સ્નાન કરવાનું તો બંધ કરી શકાય તેમ હતું જ નહીં. ત્રીજા દિવસે તો પારાયણમાં ભાગ નહિ લઈ શકાય તેમ લાગતું હતું. શરીરમાં અશક્તિ અનુભવાતી હતી. ત્રીજા દિવસે શ્રી કનુભાઈને વાત કરતા તેમણે દવા અને ઓઆરએસ પાવડરના બે પૅકેટ આપ્યા. પૅકેટ પાણીમાં નાખીને પ્રવાહી પણ તેમણે તૈયાર કરી આપ્યું અને પછી એ ગ્લાસ પણ તેમણે જ સાફ કરી

દીધા. કેવી સુંદર સેવાની ભાવના ! એ પછી ઘણી જ રાહત થઈ ગઈ અને નિર્વિઘ્ને પારાયણમાં ભાગ લઈ શકાયો અને ઘર સુધીની લાંબી મુસાફરી પણ કોઈ પ્રકારની મુશ્કેલી વગર થઈ શકી.

ત્રીજા દિવસે બંધ કુટિયાના દ્વાર ખૂલ્યાં અને સૌ સાધકોને તેમાં કરવામાં આવેલા નવીનીકરણના પ્રથમ દર્શનનો લાભ પ્રાપ્ત થયો. વિદાય થતા પહેલાં ફરી પૂ.'મા'એ સૌને સંનિધિસુખ ધર્યું અને કહ્યું કે, અમારે તમારા અનુભવો સાંભળવા છે. અનુભવોનું વર્ણન કરતા મોટા ભાગના સાધકો એટલા તો ભાવુક બની ગયા હતા કે આંખોમાંથી પ્રેમાશ્રુ વહેતાં હતા. દિવ્ય પ્રેમ, ઉચ્ચ ભાવના અને પરમ લાગણીનું એ દૃશ્ય દેવતાઓ માટે પણ દુર્લભ હોય તેવું અલૌકિક લાગતું હતું. આપણે સૌ ત્રણ દિવસ સુધી ફળ પર રહ્યાં પરંતુ પૂ.'મા'એ ૧૮ માર્ચ ૧૯૮૪થી અન્નનો ત્યાગ કર્યો છે. ૪૩૪૦ નિર્જળા કર્યા છે. ૧૨ વર્ષના દિવસો ગણીએ તો વર્ષના ૩૬૫ મુજબ ૪૩૮૦ થાય છે. પૂ.'મા'એ નિર્જળા કર્યા છે તે ૧૨ વર્ષમાં ૪૦ દિવસ બાકી રહે તેટલા દિવસો થાય છે. આ અભૂતપૂર્વ તપ સામે આપણે ૩ દિવસ એ ગુણોને આપણામાં ઊતારવા તો મથીએ.

આ સંસારની તમામ માયાજાળમાંથી પૂ.'મા' પ્રભુ કાયમ માટે મુક્તિ આપે અને દરેક જન્મમાં 'મા' પ્રભુથી ક્યારેય વિખૂટા પડવાનું ન બને અને સતત તેમનું દિવ્ય સાન્નિધ્ય પ્રાપ્ત થાય, તેમનાં જ કાર્યો, તેમનું જ સાન્નિધ્ય, તેમનું જ ચિંતન-મનન અને તેમનું જ દર્શન પ્રાપ્ત થાય તેવી 'મા' પ્રભુને અંતરથી પ્રાર્થના છે.

**'વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો.'**

**—શ્રી યોગેશભાઈ કવીશ્વર**



# ।। સ્વાન્તઃ સુખાય ।।

એકવીસમી સદીમાં એક પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. સૌ કોઈ સુખની શોધમાં છે. સૌ એકબીજાને પ્રેરણા આપી રહ્યા છે. જુઓ ને ! તમને પણ સવારના પહોરમાં તમારા મૉબાઈલ પર કેટલા બધા motivation મેસેજ મળે જ છે ને ! જાણે સૌ કોઈ આજે જ સુખના આકાશમાં ઉડવા તૈયાર થઈ ચૂક્યા છે.

'स्वान्तः सुखाय' અર્થાત્ પોતાના (અંદરના) સુખ માટે. બીજા શબ્દોમાં નિજાનંદની પ્રાપ્તિ. બધા જ સુખોમાં स्वान्तः सुखाय શ્રેષ્ઠ સુખ છે, એ તો નિર્વિવાદ સત્ય છે.

પૂજ્ય શ્રી શ્રી 'મા'એ એવા જ એક અવસરનું આયોજન કર્યું, જેનું એકમાત્ર પ્રયોજન હતું. 'स्वान्तः सुखाय' અવસર હતો પરમ પૂજ્ય ગુરુદેવ ભગવંત શ્રી યોગેશ્વરજીના 'અધ્યાત્મનો અનસ્ત સૂર્યઃ શ્રી યોગેશ્વરજી' પુસ્તકનું પારાયણ.

સરકારી ફરમાનના કારણે મર્યાદિત સંખ્યામાં ભેગા થયેલા ૩૬ જેટલા ભક્તોએ ત્રણ દિવસમાં પારાયણ પૂર્ણ કર્યું. તારીખો હતી ૧૬-૧૭-૧૮ જુલાઈ, ૨૦૨૧.

'સ્વર્ગારોહણ' એટલે ભારતનો પાંચમો મઠ. સ્વર્ગારોહણની પવિત્ર ભૂમિ પર જ આ પારાયણનું આયોજન પૂજ્ય શ્રી શ્રી 'મા' એ કર્યું હતું. પહેલા જ દિવસની પહેલી બેઠક પહેલાં પૂજ્ય શ્રી શ્રી 'મા' સ્વયં પોતાના વરદ હસ્તે બધા ભક્તોને જે પ્રસાદ આપે છે, ને જોતાં જ અમે અનુભવ્યું કે પૂજ્ય શ્રી શ્રી 'મા'

કેટલી બધી સંવેદનશીલતા સાથે અમને સૂક્ષ્મ સંદેશ આપી રહ્યા છે કે અમે ફક્ત પુસ્તકનું પારાયણ કરવા નહિ, પણ સ્વયં પરમ પૂજ્ય ગુરુદેવ ભગવંતનું પારાયણ-પૂજન કરવા આવ્યા છીએ. એટલે તો પૂજ્ય શ્રી શ્રી 'મા' એ પુસ્તક મૂકવાની જે બેઠક હતી, તેના પર પાથરવા માટે શ્વેત રૂમાલ પ્રસાદમાં આપ્યો અને અમે પણ શ્વેતવસ્ત્રધારી પ્રભુને પુસ્તકના રૂપમાં શ્વેત રૂમાલ પર પધરાવ્યા.

એ વાત સાચી છે કે આપણામાંથી ઘણાને જણાતો દુશ્મન ભય છે. ભય અને શાંતિ એક જ મ્યાનમાં કદી રહી શકતા નથી. એ રોગને નિર્મૂળ કરવા માટે પૂજ્ય શ્રી શ્રી 'મા' સ્વામી વિવેકાનંદજીની એક એકદમ ટચૂકડી પુસ્તિકા પ્રસાદમાં આપે છે, જેનું નામ જ છે ''નિર્ભય બનો.'' સાથે સાથે એ જ મહાપુરુષનું બીજું પુસ્તક પણ પ્રસાદમાં આપે છે, જેનું નામ છે– ''વિચારશક્તિમાળા'' અને ત્રીજી પુસ્તિકા છે–''બાલદર્શન'' જે બાળમાનસને સમજાવતી (શ્રી ગિજુભાઈના વિચારોનું સંકલન) કૃતિ છે.

પૂજ્ય શ્રી શ્રી 'મા'એ પારાયણપૂજન પ્રસંગે જે જે સૂચનો કર્યાં હતા, તે અમને અદ્‌ભુત લાગ્યા. જેમ કે :

(૧) પરમ પૂજ્ય ગુરુદેવ ભગવંતનું પારાયણ-પૂજન છે, તો અમારે તન-મનની શુદ્ધિ સાથે જ બેઠક પર બેસવાનું હોય ને ! માટે પ્રત્યેક બેઠક પહેલાં સ્નાન કરવાથી એ જ પવિત્ર ભાવનો અનુભવ થતો રહ્યો.



(૨) પ્રત્યેક પ્રકરણપૂજનના અંતે વરદ હસ્તની પ્રાર્થના કરવાથી પરમ પૂજ્ય ગુરુદેવ ભગવંત સાથે જ માનસિક અનુસંધાન રહેતું હતું, તે શબ્દાતીત અનુભૂતિ છે.

(૩) પારાયણપૂજન દરમ્યાન બ્રાહ્મણોએ ધોતિયું પહેરવું. જીવનમાં પ્રથમવાર સતત અઢી દિવસ સુધી ધોતિયું પહેરવાથી જે શારીરિક-માનસિક હળવાશ-મોકળાશ લાગતી હતી, તે અનુભૂતિ નોંધવી જ રહી.

(૫) પારાયણપૂજન દરમ્યાન દૂધ-ફળ પર રહેવું.

આપણે ઘરે ઉપવાસ કરીએ તો દૂધ અને કેળાં લેવાનું બને. અહીં તો બાળકો ભૂખ્યાં ન રહે, અઢી દિવસમાં બે-ચાર કિલો વજન ઓછું નહિ થઈ જાય, માટે પૂજ્ય શ્રી શ્રી 'મા' દૂધ-દહીં સાથે સાથે કેળાં-સફરજન-પેર-પપૈયુ-નાસપતિ-ખજૂર-દાણા-બરફી-અંજીરની મિઠાઈ-સીંગના લાડુ વગેરે વગેરે ભોજનપ્રસાદીની વ્યવસ્થા કરાવે છે. નોંધનીય વાત એ છે કે અમને વિશ્વાસ આવી શક્યો કે અમે અઢી દિવસ અનાજ વગર રહી શકીએ છીએ. Thank you. Maa.

(૫) પૂજ્ય શ્રી શ્રી 'મા' પારાયણ પૂજનની અંતિમ બેઠક પછી પુનઃ સ્વામી વિવેકાનંદજી દ્વારા એક મહત્ત્વનો સંદેશ એક ફિલ્મ દ્વારા આપે છે. આશા રાખું છું કે તમને પણ પ્રેરણા આપશે.

તમે જ તમારા જીવનના શિલ્પકાર છો. તમે જ તમારા ભાવિના ઘડવૈયા છો. તમે પ્રચંડ પુરુષાર્થ થકી આધ્યાત્મિક

વિકાસ કરી શકો છો. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મનનું નિર્માણ કરી શકાય છે. Each soul is potentially Divine.

તમે પણ મારી વાત સાથે સહમત થશો કે શ્રી યોગેશ્વરજી ૨૦મી સદીના અને ૨૦મી સદી સુધીના સૌથી મહાન આધ્યાત્મિક મહાપુરુષ છે. (જો તમે મારી સાથે નાસહમત હોય તો, મારી તમને 'પ્રકાશના પંથે' અને 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વરજી'—આ બે પુસ્તક વાંચી જવાની ભલામણ છે.)

આ લેખની શરૂઆતમાં જ ૨૧ મી સદીના માનવની અંદર આવી રહેલા પરિવર્તનની વાત કરી હતી. તેના સંદર્ભમાં એક વાત કરી મારે અટકવું જોઈએ.

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના વિચારો વૈશ્વિક છે. નિર્ભ્રાંત છે, વૈજ્ઞાનિક છે, સ્વાનુભૂતિ પર આધારિત છે, બિનસાંપ્રદાયિક છે. માટે ૨૧ મી સદીમાં, જે માનવ ૨૪  ૭ કલાક શાંતિ અને આનંદની શોધમાં છે અને એને માટે કોઈ નક્કર પગદંડીની જરૂર ગણાતી હોય તો, એ માનવને જરૂરી માર્ગદર્શન અને બળ આપતા વિચારો જ્યાંથી ૧૦૦ ટકા મળી શકે, એ પુસ્તક છે.

''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વરજી''

**—ડૉ. હિમાંશુભાઈ પાઠક**

---

'My name should not be made prominent
It is my 'IDEAS' that I want to be realized.'
–Swami Vivekanand



## ॥ પ્રથમ આંતરરાષ્ટ્રીય ઝૂમ પારાયણ ॥

પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુ એક વિરાટ અસ્તિત્વ. એક મહાન જીવન. એ જીવનના પ્રતીકસમી એમની દળદાર આત્મકથા-''પ્રકાશના પંથે''. એ પૃષ્ઠો પર જેમ જેમ પ્રભુ આપણને આંગળી પકડીને એમના જીવનની ઝાંખી કરાવે, તેમ તેમ આપણા જીવનમાં નવો જ પ્રકાશ પથરાય છે. જેટલી વાર વાચન કરીએ, એટલી વાર આપણી ભૂમિકા પ્રમાણે, એ પ્રકાશિત પંથની નવી નવી કેડીઓ ઉઘડતી જાય છે.

એ મહાગ્રંથનું અધ્યયન કરવા જીવન ટૂંકું પડે. પણ આપણા દયાળુ 'મા' એ શ્રી તરલાબેનને પ્રેરણા કરીને ''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'' તૈયાર કરાવડાવ્યું છે. એ પુસ્તકનું વાચન કરવું એ પૃથ્વીની પરિક્રમાને બદલે શ્રી ગણેશજીએ કરેલી શિવ-પાર્વતીની પરિક્રમા જેવું છે.

પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુ અને તેમનું જીવન એક પ્રકાશનો પુંજ છે, તેમના વિગતે અભ્યાસ અને અધ્યયનમાં તો જન્મો વીતી શકે. પણ 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'ના પારાયણથી દ્વારે તિરાડ પાડી ને એ પ્રકાશ આપણા જીવનમાં પેસી શકે છે. એટલા અજવાસથી પણ આપણા જીવનનું ખોરડું પ્રકાશિત બની ઊઠે છે. અને આપણને એ પ્રકાશિત પુંજ ભણી પ્રયાણ કરવા પ્રેરે છે.

પારાયણ એટલે ? જે પ્રભુનો ''પાર'' ના પમાય, તે પ્રભુ તરફ પ્રયાણ કરાવતું ''યાન''.

આપણા પૂજ્ય પ્રભુના મંગલ શતાબ્દી પર્વે, પૂજ્ય 'મા' આપણને અવનવી પ્રેરણાઓ ધરી, વિવિધ સાધના કરાવી રહ્યાં છે.

પૂજ્ય પ્રભુ ભણી પ્રયાણ કરાવવાની એવી એક મંગલ યોજના પૂજ્ય 'મા'એ ફરી ઘડી.

'સ્વર્ગારોહણ'માં યોજાયેલ પારાયણનો લાભ વિદેશમાં દૂર દૂર વસતા સત્સંગીઓ કેવી રીતે લઈ શકે એ અંગે વાત નીકળતાં, પૂજ્ય 'મા' એ એક દિવસ ફોન પર પ્રેરણા ધરી કે વિદેશમાં ઝૂમ ઉપર પારાયણ થાય તો અમેરિકા, કેનેડા, પનામાના સત્સંગીઓ સાથે સહભાગી બની શકે. સમૂહમાં ૧૦૮ સભ્યો સાથે પારાયણ કરી શકે. અને સૌ પોતપોતાના ઘરેથી જોડાય એટલે કોરોનાના નિયમો પણ સચવાઈ જાય. આપણા વ્યવહારુ 'મા' એમ પણ કહે કે વિકેન્ડની આસપાસ રાખો તો લોકોએ એકાદ રજા જ લેવી પડે.

આમ આપણા પર 'આદેશ લાદતા' નહિ, પણ માત્ર આવો સુંદર સુઝાવ આપતાં 'મા' કહે, ''વિચારજો''.

પણ પૂજ્ય 'મા' એમનો પોતાનો સંકલ્પ આમ બ્રહ્માંડમાં વહેતો મૂકે, પછી આપણે કાંઈ વિચારવાનું રહે છે ખરું ? પછી તો એમની સંકલ્પશક્તિના પુષ્પક વિમાનમાં સવાર થઈ આપણે સીધા સફળતાના ગંતવ્યસ્થાને પહોંચવાનું જ રહે છે.

વિદેશના વૉટ્સઍપ ગ્રુપમાં શ્રી વિનોદભાઈએ જાહેરાત કરી, નામ નોંધ્યાં. અને ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે આવું નવલું આયોજન થયું. July ની 23 શુક્રવાર, 24 શનિવાર, 25 રવિવાર, આ દિવસો નક્કી થયા. પૂજ્ય 'મા'ની સ્વર્ગારોહણની યોજના પ્રમાણે દિવસમાં ૪ બેઠક ગોઠવાઈ. પ્રત્યેક જણ પોતાના ઘરે થી ઝૂમ મિટિંગમાં જોડાય અને પારાયણનો લાભ લે.

વિદેશમાં એવા ઘણા યુવાનો અને બાળકો છે જે ગુજરાતી વાંચી નથી શકતા પણ સમજી શકે છે. અથવા તો વાંચી શકે છે



પણ એમની ગતિ ધીમી પડી જાય. એટલે એ સર્વેના લાભાર્થે ગુજરાતી પઠનમાં પ્રભુત્વ ધરાવતા અમુક વાચકો નિમાયા, અને એ સૌને પાના નંબર અને પ્રકરણ નંબર વહેંચી દેવાયા. આ રીતે જે વાંચી ન શકે તે શ્રવણપારાયણ કરી શકે.

બેન રક્ષિતાએ ઝૂમ મિટિંગની ટૅકનોલોજી સંભાળી. સૌ ઝૂમની મિટિંગમાં જોડાયાં. સ્ક્રીન પર પૂજ્ય પ્રભુના સ્વરૂપનાં સતત દર્શન થાય, અને જે પૃષ્ઠ વંચાય તે પૃષ્ઠ બેન રક્ષિતા સ્ક્રીનના પરદા પર પણ રજુ કરે. એટલે જો ઘરમાં પુસ્તક એક જ હોય, તો પણ એ ઘરમાં વધુ લોકો ભાગ લઈ શકે.

બીજા બધાના વિડિઓ બંધ અને અવાજ મ્યુટ, માત્ર વાચક વાંચતાં સંભળાય. શરૂઆતમાં અને અંતે નવ મંત્રગાન, અને પૂજ્ય શ્રી'મા'ના કંઠે વરદ હસ્ત ! ૧ થી ૧.૫ કલાકની એક બેઠક રહેતી.

યજ્ઞના અંતે ફલશ્રુતિ સાંભળી છે. પણ આ પારાયણ-યજ્ઞ પૂર્ણ થાય તે પહેલાં જ, માત્ર એક જ દિવસના વાંચન પછી, એટલે કે ૨૪ મી એ પ્રભાતે જ પૂજ્ય 'મા'ના દર્શનની પ્રસાદી, કથામૃતમાં પૂજ્ય પ્રભુના વચનામૃતની પ્રસાદી ''ગુરુ પૂર્ણિમા''ના વિશેષ કાર્યક્રમમાં મળી. આમ શુક્રવાર તારીખ ૨૩ના વાંચનમાં પ્રભુના રંગે રંગાયેલા હતાં જ ને પૂજ્ય 'મા'ના દર્શન થયાં. ને એ પછી 'મા'નાં દર્શનની મસ્તીમાં રાચતાં રાચતાં પારાયણમાં આગળ વધ્યાં.

ગુરુપૂર્ણિમાનું મંગલ પર્વ ! આપણે કેટલા બધા ભાગ્યશાળી છીએ કે આપણને ''ગોવિંદરૂપે આ જન્મે ગુરુજી મળ્યા છે.''

એવા મનમાં વહેતા વિશેષ ભાવ, પૂજ્ય'મા'ના દર્શનનું ગંગાસ્નાન અને 'મા' રેવાની પરિક્રમાસમું ચાલી રહેલું

પારાયણ...આ સર્વ ભાવનક્ષત્રના સમન્વયથી સૌની સ્થિતિ કંઈક અનેરી જ બનેલી.

ગુરુપૂર્ણિમાના એ સત્સંગદર્શનથી પારાયણના સોનામાં સુગંધ ભળી. પ્રભુના જીવનના વિવિધ પ્રસંગો આપણે સાંભળ્યા હોય, પણ પ્રભુના સમસ્ત જીવનની સળંગ પરિક્રમા કરીએ તો એમના ઐશ્વર્યની સમગ્ર આભાનો પ્રભાવ ખૂબ પ્રબળ પડે છે. અને એ આભા ગુરુપૂનમની ચાંદનીમાં જ્યારે ભળી ત્યારે મનના મહાસાગરમાં કૃતજ્ઞતાનાં મોજાં તોફાને ચઢે છે.

આમ એક અનોખી રીતથી આવું 'પ્રથમ આંતરરાષ્ટ્રીય સામૂહિક પારાયણ' યોજાયું અને પૂજ્ય 'મા'ના સંકલ્પ અને આશીર્વાદથી વિનાવિઘ્ને સફળતાપૂર્વક, ધાર્યા કરતાં વહેલું પાર પણ પડ્યું. પૂજ્ય 'મા'ના સંકલ્પથી પ્રભુનો પ્રકાશ આધુનિક કૉમ્પ્યુટર વડે દેશ વિદેશમાં ઘર ઘર ફેલાયો.

પારાયણથી શું મળ્યું ?

ખાસ તો પૂજ્ય શ્રી'મા'ના સંકલ્પની શક્તિથી આખું પારાયણ નિર્વિઘ્ને પાર પડ્યું. ના કોઈને ઇન્ટરનેટનો, ના કોઈને કોમ્પ્યુટરનો વાંધો આવ્યો કે ના કોઈની લાઈટ ગઈ. ના મિટિંગ "ડિસ્કનેક્ટ" થઈ, ન કોઈનું માઈક બગડ્યું. જે રોજ ઝૂમ પર જૉબ કરે છે તે જાણે જ છે કે આવા નાના કહેવાતા પ્રોબ્લેમ જીવનનો ભાગ બની ગયા છે. ને ઘણીવાર ટૅકનોલોજી સાથ નથી આપતી. પણ પારાયણને તો 'મા પ્રભુ'નું રક્ષાકવચ હતું.

પૂજ્ય પ્રભુના જીવનમાંથી દરેકને પોતપોતાની સ્થિતિ અને પરિસ્થિતિ પ્રમાણે પ્રેરણા મળે છે. એમાંના થોડા ઘણા પ્રભાવ જોઈએ :

આ પારાયણમાં ૯ બાળકો પણ સહભાગી બન્યા હતા.



બેન આરાધ્યા (૧૧ વર્ષ) કહે, "મને પ્રભુના બાળપણની વાતોની જાણ હતી, પણ એનાથી આગળની કથા મારા માટે તદ્દન નવી હતી. હું પ્રભુ વિષે ઘણું બધું શીખી. પણ એ વાત મારા ઉપર સૌથી વધારે અસર કરી ગઈ કે : પ્રભુ સતત જગદંબા સાથે વાત કરી શકતા, વિશ્વમાં કોઈની પણ સાથે સંપર્ક સાધી શકતા ! આ વાચનથી મને પ્રભુ વિષે વધુ જાણવાનું મન થયું. મને 'પ્રકાશના પંથે' વાંચવાનું મન થયું."

બાળકોમાં સહભાગી થનાર શિવાલી (૧૩ વર્ષ) અને શાનવી (૭ વર્ષ) કહે; "વંચાતું હતું ત્યારે અમને જે વસ્તુની સમજ ના પડે, બ્રેકમાં અમે પાછાં એ પૃષ્ઠો પર જઈ, અમારી મમ્મી સાથે વાત કરીને પ્રસંગ સમજી લેતા. હવે અમને જાતે જ આ પુસ્તક ફરી અંગ્રેજીમાં વાંચવાનું મન થાય છે."

ગુજરાતીમાં જેમનું પ્રભુત્વ નહોતું, ને જેમને પોતાના નામ પણ નહોતાં નોંધાવ્યાં એવા બે-ત્રણ સભ્યોએ કહ્યું, "અમે નામ નહોતાં નોંધાવ્યાં કારણ કે અમે ગુજરાતી આટલું બધું વાંચી શકીશું કે કેમ ? અમને અમારા પર આત્મવિશ્વાસ નહોતો. પછી પ્રથમ બેઠકમાં જોયું કે કોઈ વાંચી રહ્યું છે, તો અમે સાંભળીને સમજવા લાગ્યા. ને ખબર પણ ના પડી અને આખું પારાયણ કરી શક્યા ! આ રીતે જેટલા નામ નોંધાયાં હતાં, તેનાથી વધારે સભ્યોથી પારાયણ થઈ શક્યું."

કોઈ કોઈ કહે "અમને કલ્પના જ ના હતી કે પૂજ્ય પ્રભુએ આટલી બધી વેદના વેઠી છે સાધનાકાળમાં ! જેમકે, ખેચરી મુદ્રા માટે પ્રભુએ પોતાની જીભ નીચેની નસ કાપી હતી !"

એક બેન કહે, હું વાંચન કરવા બેસું, એટલે મને સુસ્તી આવે, મારાથી ના જ વંચાય. પણ આ પારાયણમાં મને એવું

લાગે તો હું ઊભી ઊભી વાચકને સાંભળતી, જેથી હું આખું પારાયણ સળંગ કરી શકી.

બીજી બહેન કહે, ''હું પારાયણ કરું, પણ યંત્રવત્ વાંચી જવાય. આજે વક્તા ધીમે ધીમે સમજાવીને બોલતા હતા તો જાણે વધારે ઊંડાણથી સમજ પડતી ગઈ. એમ થયું કે સાંભળ્યા જ કરું.''

કોઈ કહે, ''એમના સમયમાં આખા ભારતમાં પ્રભુએ જ સૌથી વધારે પ્રવાસ કર્યો હશે. પ્રભુ સાથે લગભગ આખા ભારતની આપણે યાત્રા કરી આવ્યા.''

શ્રી પંકજભાઈ કહે, આખું પારાયણ એટલું સુંદર રીતે વંચાયું કે આ ઝૂમ રેકોર્ડિંગમાંથી જ ''ઑડિઓ બુક'' બની શકે. ગાડી ચલાવતાં ચલાવતાં એ સાંભળીને શ્રવણપારાયણ થઈ શકે.

મીતાબેન સહીત ઘણાં બધાંનો એવો પ્રતિભાવ રહ્યો, ''આ રીતે કોઈ પુસ્તક, આપણે ઘરે રહીને ૩ દિવસમાં વાંચ્યું નથી. હવે એમ થાય છે કે આ રીતે આપણે વીકેન્ડમાં ઘરનાં જ સભ્યો મળીને આપણી રીતે પ્રભુનું એક એક પુસ્તક વાંચી શકીએ. આપણને કદી આવો વિચાર જ નહોતો આવ્યો.''

પારાયણથી સૌ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના શતાબ્દી પર્વે આ રીતે પ્રભુના જીવનની અખંડ પરિક્રમા કરી શક્યા. પૂજ્ય 'મા'ના આ સંકલ્પબળથી, ''આપણે પણ કંઈક કરી શક્યા'' એવી સંતોષ અને આનંદની લાગણી સૌ અનુભવી રહ્યાં. પારાયણ દરમ્યાન ઘણા સભ્યોએ ઉપવાસ પણ કર્યા. Thank You Maa. તમારી શક્તિથી અમારી આત્મશક્તિને પોષી રહ્યા છો. આમ પ્રભુભણી પ્રયાણ કરવાનું પારાયણ સાધન બની ગયું.



**વિશેષતાને વંદનઃ**

આ પારાયણની બીજી વિશેષતા એ પણ હતી કે આમાં ૬ બાળકો સંપૂર્ણપણે સહભાગી બની શક્યા. બીજા ઘણાં બાળકોએ થોડીઘણી બેઠકોમાં શ્રવણ કર્યું. અમેરિકાથી મનન (18 વર્ષ), કાવ્યા (15 વર્ષ), પૂજ્યા (13 વર્ષ), શિવાલી (13 વર્ષ), શાનવી (7 વર્ષ), અને કૅનેડાથી : આરાધ્યા (11 વર્ષ) આ બાળકોએ સમજપૂર્વક પારાયણમાં ભાગ લીધો.

બીજા ઘણાં બાળકો એ ગુરુપૂર્ણિમાના વિશેષ નિયમો સાથે ઉપવાસ પણ કર્યો. જેમ કે અમૅરિકાથી : કાવ્યાએ મૌન પાળ્યું. મનને ઉપવાસ કર્યો, ખુશીએ (16 વર્ષ) અને મોક્ષે (15 વર્ષ) પાણી ઉપર રહી ઉપવાસ કર્યો.

ને કૅનેડામાં : નૌકાએ (13 વર્ષ) નિર્જળા કરી, ધર્માએ (14 વર્ષ) 18 કલાક પાણી ઉપરનો ઉપવાસ કર્યો, તિલક (10 વર્ષ) અને આરાધ્યાએ ફળાહાર પર ઉપવાસ કર્યો.

આ રીતે પૂજ્ય'મા'ની ફૂલવાડી અહીં ગુરુપૂર્ણિમાએ ખીલી રહી.

આ પારાયણમાં

| દેશ | પારાયણમાં ભાગ લેનાર સભ્યો | પારાયણમાં ભાગ લેનાર બાળકો |
|---|---|---|
| અમેરિકા | ૮૦ | ૫ |
| કૅનેડા | ૪૨ | ૧ |
| પનામા | ૪૬ | |
| બ્રિટન | ૩ | |
| કુલ | ૧૭૧ | ૬ |

આમ 4 દેશોના કૂલ 177 સભ્યો સહભાગી બની શક્યા.

આપણા "Modern and Universal" 'મા'એ પ્રભુની

ઘરેઘરે સ્થાપના કરી. એ તો આપણા 'મા' પ્રભુની ખૂબ મોટી વિશેષતા છે કે પૂજ્ય પ્રભુ અને પૂજ્ય 'મા' અધ્યાત્મ અને સાધનાક્ષેત્રે સમજપૂર્વકની ક્રાંતિ સતત આણ્યા કરે છે. બદલાતા સમય સાથે ઉદારતાથી આધુનિકતાનો અધ્યાત્મમાર્ગે સમાવેશ કરાવે છે. ને એ રીતે પ્રાચીન મૂલ્યોને વ્યવહારુ વર્તમાનયુગમાં લાગુ પાડતાં શીખવે છે.

છેલા દોઢેક વર્ષમાં જો દુનિયા અને તેના નિયમો સમૂળગા બદલાઈ ગયા, તો પૂજ્ય 'મા'એ તરત જ નિયમોના પાલન સાથે આપણને સત્સંગ અને સાધના કરતાં નવેસરથી શીખવ્યાં છે. અગણિત અવનવા સર્જનાત્મક વિચારો આપી, નવા વિક્રમો સ્થાપ્યા છે.

પૂજ્ય શ્રી'મા' પ્રભુ આપણને આમ નવી નવી પ્રેરણા પ્રદાન કરતા રહે, નવા નવા માધ્યમથી મળતા રહે, એમના સુધી પહોંચવાના નવા નવા માર્ગ સતત કંડારતા રહે એ જ પ્રાર્થના.

**—શ્રી અર્પિતા જોશી**

'જો કછુ કિયા સો તુમ કિયા, મૈં કછુ કિયા નાહિ
કહો કહીં જો મૈં કિયા, તુમ હી થે મુજ માંહી'

—કબીરસાહેબ



# વિભાગ—૨

## પ્રાસ્તાવિક : દાનેશ્વર મયૂરધ્વજનું આધુનિક સંસ્કરણ

આપણા ઈતિહાસમાં ભામાશા અને મહાભારતમાં દાનેશ્વરી કર્ણનાં ભવ્ય દૃષ્ટાંતો છે. પણ રાજા મયૂરધ્વજની પુરાણકથા સર્વને ટપી જાય એવી છે. એકવાર શ્રીકૃષ્ણ અર્જુન સાથે મયૂરધ્વજની કસોટી કરવા બ્રાહ્મણનું રૂપ ધરીને ગયા, કહ્યું; 'વનવાટે આવતાં સિંહે મારા પુત્રને પકડી લીધો છે. મારો દેહ ધર્યો તો પણ ન માન્યો.' તેણે કહ્યું; 'જો તું મને મહારાજ મયૂરધ્વજનું અર્ધું જમણું અંગ લાવી આપે. રાજા પ્રસન્નતાથી પોતાના દેહ પર કરવત મૂકાવે તો તારા પુત્રને છોડું.' આ સાંભળી રાજાએ ધ્યાન ધર્યું. ધ્યાનમાં શ્રીકૃષ્ણ-અર્જુનને જોયા. નેત્રો ખોલી કહ્યું, 'આપ જેમ ઇચ્છો છો એમ જ થશે.'

મયૂરધ્વજના મસ્તકે કરવતના આરા ફરતાં જ રક્ત વહેવા લાગ્યું. રાજાની ડાબી આંખમાં આંસુ આવ્યાં. ભૂદેવે કહ્યું; 'દુઃખ અને આંસુ સાથે અપાયેલ દાન હું સ્વીકારતો નથી.' રાજાએ કહ્યું; 'મારું જમણું અંગ આપને દાનમાં મળે ને મારું ડાબું અંગ ઉપયોગમાં ન આવે તો નિરર્થક છે એમ વિચારી મારી ડાબી આંખ રડે છે, તો મને ક્ષમા કરશો.'

પોતાના સર્વોચ્ચ ભક્તનો સર્વસ્વ અર્પી દેવાનો આવો ભાવ જોતાં જ ભગવાન ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા પોતાનો વરદ હસ્ત રાજાના મસ્તકે મૂક્યો ને રાજા પોતાના નવાયુવાનસ્વરૂપે

ઊભા થયા, શ્રીકૃષ્ણના ચરણે ઢળી પડ્યા. ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું; 'અર્જુન ! હું તો મારા ભક્તોનો સેવક છું. આ મયૂરધ્વજ જેવા ભક્તરાજ દ્વારા જ હું બ્રહ્માંડને ધારણ કરવા સમર્થ બન્યો છું.'

આજના ઘોર કળિયુગમાં, નર્યા સ્વાર્થભર્યા જગતમાં આજીવન સતતવાહી દાનગંગામાં નિત્ય સ્નાન કરી ધન્ય થનાર શ્રી નારાયણદાસ ભક્ત કદાચ આ પૌરાણિક પાત્ર મહારાજા મયૂરધ્વજનું જ આધુનિક સંસ્કરણ હતા. કેમકે દાન એમનું ગુણલક્ષણ જ નહિ, શીલ હતું, સ્વ-ધર્મ હતો, સ્વ-રૂપ હતું.

અસ્ખલિત દાનયજ્ઞની પવિત્ર જ્વાળામાં અસંખ્ય ભાઈબહેનોની દીનતા-દરિદ્રતાને ભસ્મીભૂત કરી, હજારો-લાખો-કરોડોના જીવનઅંધારાને મીટાવી, પ્રસન્નતાનો પ્રકાશ પાથરનાર શ્રી નારાયણદાસ તેમજ તેઓશ્રીનાં સહધર્મચારિણી સાવિત્રીબેનના સમર્પણશીલ દામ્પત્યને આપણા સૌનાં કોટિ કોટિ વંદન !

**–સંપાદકીય**

કાન કુંડળથી નથી શોભતા પણ ધર્મશાસ્ત્ર સાંભળવાથી શોભે છે. હાથ કંકણથી નથી શોભતા. પણ દાનથી શોભે છે. કરુણામય માનવોના દેહ પરોપકારથી શોભે છે અને નહીં કે ચંદનથી.

**'નહીં અહંતા આનિયે, હરિ સિંહાસન દેય**
**જો દિલ રાખે દીનતા, તો સાંઈ નિજ કર લેય'**



## ॥ પૂજ્યશ્રી 'મા'નાં અમીભર્યાં આશીર્વચન ॥

ૐ

શ્રી કાલીમંદિર (કર્પૂરવન)ના શ્રેષ્ઠ,
આદર્શ સ્વજન શ્રી નારાયણદાસ ભક્તને
કાલીમંદિરનાં સર્વ સ્વજનો તથા
સ્વર્ગારોહણના, દેશવિદેશના સર્વ
સ્વજનોના વારંવાર વંદન કરે છે.
વંદન હો, વંદન હો, વંદન હો.

ૐ

કાલીમંદિરના સ્વજન, ભક્તસમાજના શ્રેષ્ઠી, સમાજસેવક, શિક્ષણના ભેખધારી એક વ્યક્તિ નહિ પણ હરતી-ફરતી સંસ્થા એટલે શ્રી નારાયણદાસ. ધન્ય જીવન, સફળ જીવન, ઘસાઈને ઉજળા થનારા, એ મુઠ્ઠી ઊંચેરા મહામાનવીને સૌના પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આપના હાથમાં પરમાત્માએ શ્રીલક્ષ્મીજીને ધરીને ધન્ય કરી છે. અગણિત સેવાયજ્ઞો કરનાર હે સ્વજન ! સૌના પ્રણામ, પ્રણામ, પ્રણામ.

ફરી આ જીર્ણ આરોગ્યની ચઢઉતરવાળો દેહ બદલીને નવા દેહે ફરી ફરી પૃથ્વી ઉપર સત્કર્મો કરવા પધારજો.

સમાજને આપની હાજરી પ્રત્યેક વિદ્યાર્થીના ચહેરા ઉપર ચમકતી જોવા મળશે. જ્ઞાનની પરબડીના હે વિશેષ પુરુષ ! આપને આખા વિદ્યાર્થીજગતના નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર.

ગુપ્તદાનની ગંગામાં નિત્ય સ્નાન કરી ધન્ય થનાર હે સ્વજન ! આપને શત શત વંદન ! શાંતિ પામો. મંગલમય યાત્રા હજો. સર્વ દેવી દેવતાઓથી રક્ષાયેલા રહેજો. સર્વ પ્રકારે આપનું કલ્યાણ હો.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

# ।। પૂ.શ્રી'મા'નો સાક્ષીભાવ ।।

(કોરોનાના કાળમાં પ્રભુએ ધર્યો હાર્ટઍટેકનો પ્રસાદ)

રાત્રે ૮.૩૦ વાગે સમાચાર મળ્યા છે કે શ્રી સાવિત્રીબેને વિદાય લીધી છે.

ત્રણ દિવસ શાંતિથી જાણે સમાધિસ્થ હતાં. ડૉક્ટરોને આશા હતી કે કોઈક ચમત્કાર થાય તો જ બચી જશે.

હાર્ટઍટેક એમની વિદાયનું કારણ બન્યો. જે હશે તે. પણ આ બેન જીવનભર સ્વમાન સાથે જીવ્યાં અને કોઈપણ પ્રકારની લાચારી ભોગવ્યા વગર સ્વમાન સાથે વિદાય લીધી.

લોહીની સગાઈએ 'મા'નાં મોટાબેન. અતિ પ્રેમાળ, કડક શિસ્ત, સ્પષ્ટવક્તા, પ્રભાવશાળી વ્યક્તિત્વ પૃથ્વી પર છોડી પ્રભુના પાવન ધામમાં પહોંચશે.

એ બેનને પૂજ્યશ્રી ગુરુદેવ પ્રભુનું દર્શન એક જ વાર ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવન કાલીમંદિરમાં થયું હતું.

'મા' આ બેનની વિદાય વિશે ખૂબ તટસ્થ સાક્ષીભાવ અનુભવે છે.

સૌએ જવાનું છે. ૮૧ વર્ષની વયે જીવન સરસ જીવી ગયાં. એમનું દામ્પત્યજીવન પણ મધુરમંગલ. સતત પતિની સાથે જ વિશ્વભરમાં ફર્યાં. શ્રી લક્ષ્મીજીની રેલમછેલ વચ્ચે પણ સ્થિર મન સાથે ઉપભોગ કર્યો.

બધાંએ જવાનું છે એ રીતે ! આપણે પણ ક્યાં અમર છીએ ? એક દિવસ તો દરેકે જવાનું જ છે. પૂ.બેન હસતાંરમતાં



હૉસ્પિટલમાં ચૅકઅપ માટે, નિરીક્ષણ માટે હાજર થયાં. ૧૭-૧૮-૧૯-૨૦ તો સરસ હળવાશથી સ્વસ્થતા સાથે સૌ જોડે વાતો કરતાં, હસતાં જીવ્યાં. તા.૨૧મીની રાતે ઍટેક આવ્યો ને તા. ૨૨ પસાર કરી, તા. ૨૩મીએ માનવદેહનો મંચ છોડી દીધો.

પરિવારના, નિકટના કોઈને પ્રભુએ તેમની પાસે ના મોકલ્યા. ક્યારે, કોને, કેટલી સંગત મળશે તે પણ જાણે હરિદરબારે નક્કી જ હોય છે.

બેન દીપુ પડછાયાની જેમ સતત સાથે રહી. છેલ્લા એક વર્ષથી એને નિકટનો પરિચય. માર્ચ ૨૦૨૦ થી જો ૨૦૨૧ બસ. આ સંબંધના મીઠા મધ જેવાં સ્મરણો બેન દીપુના મન-અંતરે કોતરાઈ ગયાં છે.

જેની સાથે જેવા ને જેટલા ઋણાનુબંધ તેને તેને પરમાત્મા હાજર કરે.

હે પ્રભુ, આપને દ્વારે પધારેલા આપણા સ્વજન શ્રી સાવિત્રીબેનને પરમ શાંતિ આપજો. આપના શ્રીઅંકે ઠારજો. એમના સર્વ સદ્‌ગુણોને વધાવજો. કાલીમંદિરના સ્વજનને વિશેષ આશીર્વાદ આપજો.

આપણી વચ્ચે હરતીફરતી, હસતી, જીવંત વ્યક્તિ અચાનક અદૃશ્ય થઈ જાય અને તે ક્યાં જાય છે તે પણ અચરજ જ છે. અદૃશ્ય થનારનું સ્મરણ તીવ્ર બને. તેની વિશેષતાઓને વાગોળવાનું પર્વ પ્રારંભ પામે.

પૂ.બેન અનેકવિધ વિશેષતાઓથી સંપન્ન હતાં. અગણિત સત્કર્મોમાં સંપૂર્ણ સહયોગ પતિને ધરતાં રહ્યાં. લક્ષ્મીજીની પૂર્ણ

કૃપા વચ્ચે સ્થિરતાથી જીવન જીવી બતાવવાનું તપ એમણે કરી બતાવ્યું. હજારોની આંગળી પકડી સૌને ઠાર્યા.

સરસ જીવન, સાર્થક ધન્ય જીવન. એ જીવન પાછળ ગૌરવ છે. શોક નથી. હાશના થાળ જેવી જિંદગી જીવી ગયાં.

(તા.૨૫-૫-૨૦૨૧)

પૂ.બેન તો છેલ્લા ૫૦ વર્ષથી વિદેશ વસે છે. ભારતમાં જ દેહ શાંત થયો તો એમના અસ્થિનું વિસર્જન કરાવવાની જાણે તક મળી.

જો તેઓએ વિદેશમાં જ જીવનલીલા સંકેલી હોત તો ? એટલે ઘણાબધા પ્રશ્નોનો એક જ જવાબ છે કે, પ્રભુની કૃપા છે. પ્રભુની યોજના છે. પ્રભુના આશીર્વાદ છે.

કોરોનાના કાળમાં રક્ષાયેલા રહીને માત્રને માત્ર હાર્ટઍટેક પ્રભુએ પ્રસાદમાં ધરી, એમને તેડી લીધા.

શાંતિથી ત્રણ દિવસ સૂઈ ગયાં. આંખ બંધ. મુખ પર શાંતિ. જાણે કર્મયોગિની-ધર્મસંગિનીને સંતોષ છે, હાશ છે, કે પ્રભુએ પૃથ્વી ઉપર ધરેલા સર્વ અભિનય પ્રામાણિકતાથી ભજવી શકાયાનો સંતોષ છે.

સરસ રીતે જીવન શાંત થઈ ગયું. ના કોઈ વિક્ષેપો, ના કોઈ ચિંતા, ના કોઈ બડબડાટ. જાણે ગાઢ નિદ્રામાં, સમાધિ દશામાં ! જાણે યુગો સુધી પ્રેરણા ધરનારી હે દેવી, આપના ચરણમાં નમસ્કાર.

ધન્ય જીવન, સફળ જીવન, યશસ્વી જીવન, વંદનીય જીવન.



હે પ્રભુ, એમની યાત્રા મંગલ જ હો. હે નાથ ! પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(તા.૩૦/૫/૨૦૨૧)

હે બેન,

અમારા પ્રણામ.

જીવનભર તમે તો પતિના પગલામાં પગલું ભરી, આદર્શ પતિવ્રતા બનીને, પરિવાર અને સમાજ માટે ઘસાઈને ઊજળાં થયાં.

તમારી શિસ્ત, તમારો અનુશાસનભર્યો સ્વભાવ, તમારી નિખાલસતા સર્વ વંદનીય છે.

સ્વમાન સાથે, શ્રી લક્ષ્મીની અતિ કૃપા વચ્ચે પણ સ્થિરતા, સ્વસ્થતા સાથે શી રીતે જીવાય તે તમે સૌને બતાવ્યું.

શ્રી નારાયણના સર્વ સત્કર્મોના પડદા પાછળ તમે પથરાયાં છો.

વિવિધ વિશેષતાથી શોભતા અમારા પ્રણામ સ્વીકારી આશીર્વાદ આપો. જ્યાં છો ત્યાં શાંતિ પામો.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

'ઊંચા હાથ કરીને, મોટા અવાજે ઘાંટા પાડીને, હું (વ્યાસ) કહું છું; છતાં મારું કોઈ સાંભળતું નથી. કે, ધર્મથી પૈસો મળે છે અને સર્વ મનોકામનાઓ સિદ્ધ થાય છે. તો તમે ધર્મનું સેવન કેમ નથી કરતા ?'

## ॥ એક અનન્ય સારસ બેલડીની વિદાઈ ! ॥

કર્પૂરવન કાલીમંદિરનું એક સુગંધી પુષ્પ સૌ. સાવિત્રીબેનનાં આદર્શભર્યા અનુકરણીય જીવનની સમાપ્તિ ! બાળપણથી ખૂબ જ સુઘડ, સ્વતંત્ર વિચારસરણી સાથે, કેટલાક ઉત્તમ આદર્શોથી મઢાયેલું એમનું જીવન; જે અનુકરણીય, વ્યક્તિત્વનાં અનેક પાસાંઓની ખાણ એટલે આપણાં સાવિત્રીબેન, પૂ.શ્રી ૐ 'મા'નાં મોટાંબેન !

સાવુબેનથી ઓળખાતાં બહેન ખૂબ જ સ્પષ્ટવક્તા આચરણથી વિશુદ્ધ, સ્વચ્છતાનાં પૂજારી, જાજરમાન વ્યક્તિત્વથી શોભતાં, નિરાભિમાની ધનવંત નારી, છતાં સરળ, માતપિતાની અંતિમ બીમારી સમયે ઉપસ્થિત રહી, પરિવારની હાશ મેળવી ધન્ય થયાં.

એમના લગ્ન બારડોલી પાસેના મહુવાના શ્રી ગોપાળભાઈ હરિભાઈના સુપુત્ર શ્રી નારાયણદાસ સાથે થયાં. શ્રી નારાયણદાસ ટૂંક સમયમાં જ આફ્રિકાનાં ઘાના કે નાઈજીરીયા દેશમાં ગયા ! જ્યાં એમના મોટા ભાઈઓએ વિકસાવેલા ધંધામાં જોડાઈ પારંગત થયા. નસીબનું પાંદડું ખસી રહ્યું હતું !

અહીં ભારતમાં, સાવિત્રીબેન મહુવાની ઘરશાળામાં કેળવાયાં ! અને ૧૯૬૧માં આફ્રિકા પહોંચ્યાં. એમનો ધન્ય ગૃહસ્થાશ્રમ ! જીવનનો ઉત્કર્ષ એવો થયો, જે ધનની પરમ સીમાને જાણે ઓળંગી ગયો. જ્યાંથી દાનની ગંગા વહી, જે અવિરત વહેતી જ રહી ! અનેક ફૅક્ટરીના માલિક બન્યા ! દર વરસે ધંધામાં નાવીન્ય ઉમેરાતું ગયું ! વળી સાથે સાથે દેશ-વિદેશ પણ ફર્યાં !



ખૂબ ઊંચા આદર્શ સાથે જીવનને ઉજ્જવળ બનાવી, ખૂબ ઊંચા દાનવીર બનતાં, વિશ્વમાં જ્વલંત કીર્તિમાન બન્યાં ! અપંગ-ગરીબ-નિર્ધન રોગીઓનાં બેલી બન્યાં. વૈશ્વિક સ્તરે ઉત્તમ દાનેશ્વરીનાં ઍવોર્ડથી નવાજાયાં ! માનસન્માનનાં ખિતાબો મેળવ્યા !

આફ્રિકામાં-ભારતમાં-પોતાનાં રામકબીર ભક્ત સમાજમાં, કે માતૃભૂમિ મહુવા ગામમાં, અનેક સંસ્થાઓમાં આરોગ્ય અને કેળવણીની શ્રેષ્ઠ સંસ્થાઓમાં અધધ મોટું યોગદાન કરી, 'દાનેશ્વરી'ની પ્રસિદ્ધિ પામ્યા દાનવીર ભામાશા તરીકે પોંખાયા ! સગાં-સ્નેહીને ભૂલ્યા વિના કિંમતી ભેટસોગાદ કે નગદ નાણાનું નજરાણું ભેટસ્વરૂપે દઈ અહોભાગી પ્રિયજન તરીકે પંકાયાં ! છતાં ઉદાર ચરિતથી સાધુચરિત નિર્લેપી જ રહ્યા. કોઈ નાનામાં નાનાંને મળતાં સંકોચ કે ક્ષોભ પામ્યા નહીં. ખૂબ જ સરળતા, એ એમના જીવનની મશાલ બની !

એમનો ગૃહસ્થાશ્રમ ધન્યતાથી પૂર્ણ ! હંમેશાં કોઈ દેશ-વિદેશ એકલાં નહીં, સાથે જ ફર્યા. વળી સાવિત્રીબેને ક્યારેય સાડી સિવાયનો બીજો કોઈ ડ્રેસ પહેર્યો નથી. વળી, વિશ્વના ફલક પર શ્રેષ્ઠ ઍવોર્ડને ગ્રહણ કરતી વખતે સાવિત્રીબેને ભારતીય સાડી કે કપાળે કંકું જ ધારણ કર્યાં. બીજા કોઈ આછકલાવેડા નહીં ! એટલું જ નહીં. કડકડાટ અંગ્રેજી ભાષાનો ઉપયોગ જ્યાં જરૂરી હોય ત્યાં, ક્ષોભ વિના કર્યો. કોઈ આડંબર ન કરતાં સાદાઈથી ભારતીયતાને શોભાવી દેતાં.

વળી એમની ભોજનની થાળી, સંપૂર્ણ શાકાહારી જ રહી ! ઓચિંતા કોઈ મહેમાનની માત્ર દસ મિનિટ પહેલાં જ જાણ

થાય, છતાં સાવિત્રીબેનની સૂઝબૂઝ એવી કે વિવિધ વાનગીથી ભરાયેલ થાળી સુશોભિત થઈ રહેતી. મહેમાન પ્રસન્નતાથી આરોગે એવી !

એમનું ઘર ખૂબ જ વૈભવી, રાજદરબાર જેવું ! છતાં, એમાંથી આંખે ઊડી વળગે એવી સાદાઈ પણ તેટલી જ ! એમનાં નાઈજીરીઆ કે લંડન શહેરના વૈભવી વિસ્તારમાં આવેલું, વિશાળ કલાત્મક ઘર હોય, કે મહુવા (ભારત)નું ઘર હોય, હંમેશાં સાદાઈથી શોભતા ઘરોમાં સાવિત્રીબેનની સૂઝ નજરે પડતી હોય છે !

એમનાં વસ્ત્રોમાં ખૂબ જ ચીવટાઈભરી દૃષ્ટિ દેખાતી હોય, છતાં પણ સાદાઈથી શોભી ઊડે એવા સાદગીભર્યાં જે દેખાઈ આવે ! એઓ ગાડીમાંથી ઉતરે, એટલે કોઈ જાજરમાન વ્યક્તિત્વની ઝાંખી થાય ! કોઈ ધનિકનો પડછાયો કે આડંબરનો ઠાઠમાઠ નહીં ! ઘરેણાંની ચળક-ભભક નજરે પડે નહીં, એની સતત જાગૃતિ ! એમનાં અંગત સગાં-સ્નેહીનાં પહેરવેશ જો ન ગમે તો સ્પષ્ટ શબ્દોમાં એ વસ્ત્રો બદલાવી શકે, એવી, દાદ માંગી લે તેવી સ્પષ્ટીકરણની વિશેષતા ! પરંતુ સામી વ્યક્તિને માઠું ન લાગે એની જાગૃતિ પણ ખરી ! વળી, ક્યાંય-ક્યારેય પણ શ્રીમંતાઈ કે દાનેશ્વરીનાં ઓળા પડવા દીધા નથી !

સૌ. સાવિત્રીબેન ખૂબ જ સુસંસ્કારી-સેવાભાવી ઉદારમતવાદી, પુણ્યશાળી, પવિત્ર નારીના ઉચ્ચ આદર્શોથી ઉજ્જવળ, અનેક ક્ષેત્રોમાં ઊંડી સમજ ધરાવનારી સન્નારી, ઝળહળ જ્યોત સમું જીવન જીવી, અનેકોનાં હૈયામાં વસી પ્રેરક બની !

સદ્‌ગત શ્રી નારાયણદાસની એકાએક એવી માંદગી આવી રહી, કે એમનાથી ધરતી પર પગ જ ન મૂકી શકાયા ! એ સમયે સાવિત્રીબેને ત્વરિત નિર્ણય લીધો ! અને ભારતમાં આવી



મુંબઈની કોકિલાબેન અંબાણી હૉસ્પિટલમાં સીધાં જ પ્રવેશ્યાં ! ત્યાં યોગ્ય સારવાર પૂરી થાય ન થાય, એ પહેલાં ઘરે જવાની તીવ્રતા વધી. અને પોતાનાં વતન મહુવામાં આવી પ્રસન્નતા મેળવી. પણ બીમારી જટિલ તેમજ ઊંડી હોવાથી માત્ર સુવિધા જ નહીં, નિષ્ણાત ડૉ.ની સારવાર મળે, એવી સુરતની અદ્યતન હૉસ્પિટલમાં ગયાં.

આખા આયુષ્ય દરમિયાન સાવિત્રીબેને ન કરી હોય તેવી તીવ્ર, પ્રાર્થનાથી ભાવવિહ્વળ હૃદયે પ્રભુને વિનવ્યા, આંસુની ગંગાધારા વહાવી રહ્યાં ને શ્રી નારાયણદાસ સાજા થયા ! ઘરે આવ્યા ! સતત ચાલતા થયા, એવી પ્રાર્થનાના પરિબળથી શ્રી નારાયણદાસના આયુષ્ય માટે ઝઝૂમી ! એઓ થાક્યાં, પણ હાર્યા નહીં. દોડતાં-ચાલતાં-જમાડતાં, વ્હીલચૅર ફરતે ફરી રહ્યાં. ફરી હૉસ્પિટલમાં સાથે જ દાખલ થયાં ! માત્ર ત્રણ જ દિવસની માંદગી ભોગવી, સાવિત્રીબેન હરિચરણે વિરમી, પંચમહાભૂતમાં વિલીન થઈ ગયાં ! અનંતની યાત્રાએ નીકળી ગયાં ! કર્પૂરવનના કાલીમંદિરનું એક સારસપંખી અણધાર્યું અનંતકાળ માટે પોઢી ગયું !

'સતી સાવિત્રી' નામ સાર્થક કરી, પતિ શ્રી નારાયણદાસની આયુષ્યદોરી લંબાવી, પોતાનું અસ્તિત્વ ઓગાળી ગઈ !

અરે !!! કદી ન વિખૂટી પડેલી આ સારસબેલડીની પ્રેમમઢી જોડી બે મહિનામાં જ તા. ૨૩/૭ની મધ્યરાત્રિએ 'અનંતની યાત્રા'એ નિસરી. આ પ્રકારે આ સરસબેલડી શું પુનર્મિલન પામી રહી ! માત્ર સાઠ દિવસના અંતરે સ્વર્ગદ્વારે ફરી સથવારો એવો પામ્યાં કે, કહી શકાય :

'મંગલમંદિરદ્વારે મળી સારસબેલડી'.

**—શ્રી સુશીલાબેન ભક્ત**

## ॥ માનવતાના માળી : શ્રી સાવિત્રીબેન-શ્રી નારાયણદાસજી ॥

અમારાં શ્રી સાવિત્રીમાસી અને શ્રી નારાયણદાસ માસાએ આપણા સૌ વચ્ચેથી વિદાય લીધી. આજે અમે તેમની મંગલયાત્રા માટે પ્રાર્થના કરીએ અને શ્રદ્ધાંજલિનાં પુષ્પો અર્પણ કરીએ છીએ.

શ્રી નારાયણમાસાજીની સર્વ સેવાપ્રવૃત્તિઓમાં માસી હંમેશાં સંપૂર્ણ સહયોગી પણ પ્રસિદ્ધિથી દૂર જ રહ્યાં. નિરાભિમાની એવાં એમનાં સત્કર્મની જાણ અતિ નિકટની વ્યક્તિઓને પણ ન હોય.

મહુવા ગામમાં કુપોષિત બાળકો, માતા તેમજ સગર્ભા માતાઓને પૌષ્ટિક ખોરાકની કીટ દર મહિને એમના તરફથી વહેંચાય છે, એની ખબર અમને મહુવાની એક મુલાકાત વખતે જ પડી. પૂછ્યું કે, આ ક્યારે શરૂ થયું ? કહે; 'એ તો ઘણાં વર્ષોથી ચાલે છે.' એવાં તો કેટલાંય સત્કર્મોની આપણને જાણ પણ નથી. યુવાનીના અમારા અમેરિકાના સંઘર્ષ દરમિયાન માસી-માસાજી તરફથી અમને આર્થિક મદદ સાથે યોગ્ય ધંધાકીય માર્ગદર્શન ઉપરાંત અતિ ઉપયોગી એવી સમાજલક્ષી જવાબદારીઓનું પણ અમૂલ્ય દિશાસૂચન સતત મળતું રહ્યું. આજે અમે જે કાંઈ છીએ તે સઘળું એમની આર્થિક મદદથી જ મેળવી શક્યા છીએ. ઘણીવાર અમારે એમને કહેવાનું બન્યું છે કે, 'માસી-માસાજી, આજે તમારા થકી જ અમે આ બધું ભોગવીએ છીએ.'—તો માસી દરેક વખતે એમ જ કહેતાં કે, 'એવું થોડું ? એ તો તમારા બંનેની સખત મહેનતનું ફળ. કોઈ દિવસ એમણે અમને કરેલી મદદનો યશ લીધો નથી. એવા નમ્ર, નિરાભિમાની, પરગજુ હતાં અમારાં માસી-માસા, માનવતાના એ માળીએ સત્કર્મની સુગંધ ફેલાવી. અસંખ્ય સત્કર્મોના દીવડાઓના પ્રકાશે એ બંનેની યાત્રા પ્રભુ ઉજ્જવળ બનાવે એ જ પ્રાર્થના.'

—**શ્રી જગદીપભાઈ ભક્ત**



## ॥ 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની ભવ્ય શ્રદ્ધાંજલિ ॥

**(૮૦ કરોડથી વધુનું દાન આપનાર મહુવાના ભામાશા નારાયદાસ ભક્તની ચિરવિદાય)**

મહુવાના દાનવીર શ્રી નારાયણદાસ ભક્તનું અવસાન થતાં મહુવા પંથકમાં સ્વયંભૂ બંધ પાળવામાં આવ્યો હતો. મહુવાના ભામાશા એવા શ્રી નારાયણદાસ ભક્તનું ૮૨ વર્ષની વયે દુઃખદ અવસાન થતાં મહુવાપંથક સહિત તાલુકામાં શોકની લહેર ફેલાઈ ગઈ. તેમની અંતિમયાત્રામાં મહુવાવાસીઓ સહિત રાજકીય-સહકારી અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સમાજ-ઉત્થાનની દરેક પ્રવૃત્તિમાં અદ્‌ભુત સહકાર અર્પનાર નારાયણદાસ પ્રેમાળ, કરુણાસભર અને વિનમ્ર સ્વભાવના હતા.

તેઓશ્રી જી.એચ. ભક્ત ટ્રસ્ટના પ્રમુખ ઉપરાંત તરસાડી માલિબા કૉલેજના પણ ટ્રસ્ટી હતા. દેશવિદેશમાં શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક તેમજ આરોગ્યક્ષેત્રે ૮૦ કરોડથી વધુ માતબર રકમનું દાન કર્યું. પોતાની જન્મભૂમિમાં જ નહિ, કર્મભૂમિ નાઈજીરિયામાં પણ સેવાકાર્યો તેઓ જીવનપર્યન્ત કરતા જ રહ્યા.

નાઈજીરિયામાં ૧૨ હજારથી વધુ આંખોનાં ઑપરેશન કરાવ્યાં. ૫૦ હજારથી વધુ કૃત્રિમ પગ આપીને લોકોને ચાલતા કર્યા છે.

સુરત જિલ્લાની ભાગ્યે જ કોઈ સંસ્થા હશે જે તેઓશ્રીના દાનથી વંચિત રહી હોય. હાલ ૭૦ જેટલી શૈક્ષણિક તેમજ ૩૨ જેટલી આરોગ્યસંસ્થાઓ એમના દાનથકી કાર્યરત છે.

ટૂંકી માંદગી બાદ શુક્રવારના રોજ તેઓશ્રીના અવસાનના સમાચાર સાંભળી મોટી સંખ્યામાં લોકો તેમના નિવાસસ્થાને ઊમટી પડ્યા હતા. મહુવાના બધા વેપારીઓએ શનિવારે

પોતાની દુકાનો સ્વયંભૂ બંધ રાખી, શ્રી નારાયણદાસને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

તેઓશ્રીની ઘણી યાદો મહુવા જી.એચ. ભક્ત હાઈસ્કૂલ, છાત્રાલય, મહુવા ગ્રામપંચાયત, તેમજ માલિબા કૉલેજ સાથે જોડાયેલી હોવાથી તેમની અંતિમયાત્રા ઢોલનગારાં અને પુષ્પવૃષ્ટિ સાથે તેમના નિવાસસ્થાનેથી તે તે સ્થળે, સમગ્ર મહુવા પંથકમાં ફેરવી મહુવા સ્મશાનગૃહે લઈ જવાઈ હતી.

સૌમ્ય, સાદા, નિરાડંબરી, નમ્ર, નિર્મોહી વ્યક્તિત્વના સ્વામીશ્રી નારણભાઈના નિધનથી મહુવા ગામસહિત સમગ્ર તાલુકો શોકાતુર બન્યો છે. સામાન્ય લોકો માટે તેઓશ્રીએ કરેલા સેવાયજ્ઞો સદાકાજ સ્મરણીય રહેશે. કરોડો રૂપિયાનું દાન કરી. અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવી, તેઓશ્રીએ એક અતિ ઉજ્જવળ દૃષ્ટાંત સમાજ સમક્ષ મૂક્યું જે મહુવા તેમજ આજુબાજુના ગ્રામજનોના હૃદયમાં, વિશેષે યુવાવર્ગમાં અનોખું પ્રેરણાસ્રોત બની રહેશે.

મે, ૨૦૧૬માં રોટરી ઈન્ટરનેશનલના 'પ્લેટિનમ ઍવોર્ડ'થી સન્માનિત શ્રી નારાયણદાસે તાજેતરમાં જ લેગસમાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ રોડ પર આય હૉસ્પિટલ સ્થાપી, ઈન્ડો આય ફાઉન્ડેશન સાથે જોડાઈ, આર્થિક રીતે અકિંચનને માટે વિનામૂલ્યે (નિઃશુલ્ક) આંખનાં ઑપરેશનની યોજનાના સ્તંભ બની રહ્યા. કોરોના-કાળમાં કોરોનાના દર્દીઓ માટે એ ખુલ્લી કરી આપી એમને ઉદ્‌ઘાટકો તરીકે સત્કાર્યા !

**—તા.૨૫/૭/૨૦૨૧ના 'દિવ્યભાસ્કર'ના અહેવાલના આધારે**



## ॥ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળહળ શ્રી નારાયણદાસજી ॥

૧૯૩૯માં ભારતમાં જન્મેલા શ્રી નારાયણદાસ ૧૯૫૭માં પૂર્વ આફ્રિકામાં ગયા અને ત્યાં જીવનનાં મહત્તમ વર્ષો વીતાવ્યાં. પહેલાં ઘાનામાં અને પછી નાઈજીરિયામાં સ્થિર થયેલા શ્રી નારાયણદાસજી અગણિત સેવાયજ્ઞમાં સતત રત રહ્યા. એના સુફળરૂપે નાઈજીરિયન સરકારનો શ્રેષ્ઠ ઍવોર્ડ 'મેમ્બર ઑફ ફેડરલ રિપબ્લિક' એમને એનાયત થયો.

આર્ય ક્લુમ્ફ સોસાયટીનું આજીવન સભ્યપદ તેમને તેમજ શ્રી સાવિત્રીબેનને પ્રાપ્ત થયું. યુ.એસ.એ.ના ઈવેન્સટનની ગેલેરીમાં તેઓશ્રીનું તૈલચિત્ર પણ મૂકવામાં આવ્યું છે.

મે, ૨૦૧૬માં રોટરી ઈન્ટરનેશનલના ગૌરવભર્યા 'પ્લેટિનમ ઍવોર્ડ' થી સન્માનિત શ્રી નારાયણદાસે વિશ્વભરના દિવ્યાંગોના ચહેરા પર સ્મિતની લહેરખી પ્રસારી.

તાજેતરમાં જ લૅગોસના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ રોડ પર ઈન્ડો આય ફાઉન્ડેશન સાથે સંયુક્તરૂપે 'આય હૉસ્પિટલ'નું ભવ્ય ભવન ઊભું કરી, આર્થિક રીતે અકિંચન લોકો માટે નિઃશુલ્ક આંખના ઑપરેશનની યોજનાના મુખ્ય સ્તંભ બની રહ્યા. એના ઉદ્‌ઘાટનની તારીખ-મુહૂર્ત નક્કી હતાં, પણ કોરોનાનું સંકટ આવતાં આ ઉદારચરિત મહામાનવે કોરોનાના દર્દીઓ માટે આખી હૉસ્પિટલ ખુલ્લી કરી આપી. એમ કહીને કે, 'આ દરિદ્રનારાયણોનાં પુનિત પગલાંથી મારી હૉસ્પિટલ પવિત્ર બની ગઈ. એનું સાચા અર્થમાં ઉદ્‌ઘાટન કરી મને ધન્ય કરી મૂક્યો.' પૈસાની અમીરી તો કદાચ શોધતાં મળી આવે. પણ આવી હૃદયની અમીરી, આત્માનું આવું ઐશ્વર્ય ક્યાં મળે ? આપણાં સર્વનાં હૃદયનાં વંદન આ મહાવિભૂતિને !'

**—સંકલન : શ્રી જગદીપભાઈ ભક્ત**

## ॥ આદર્શ ભારતીય શિક્ષણસંસ્થાના સ્વપ્નદૃષ્ટા ॥

શ્રી નારાયણદાસે એક એવી હાયર-સેકન્ડરી સ્કૂલની કલ્પના કરી, જે સંપૂર્ણ ભારતીય જ હોય. જેથી ભારતની વિખ્યાત C.B.S.E. થી ઓળખાતી સંસ્થા સાથે તેઓશ્રી સંલગ્ન થયા ! મહત્ત્વની શરત એ કે, જે વિદ્યાર્થી નાઈજીરિયામાં રહેતો હોય, પણ તે ભારતીય પાસપોર્ટ ધરાવતો નાગરિક હોવો જરૂરી ! આ શાળાની ગુણવત્તા એવી હોવી જોઈએ, કે ઊંચી લાયકાત સાથે બૉર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાસ થાય ! જે ભાવિ યુનિવર્સિટી શિક્ષણ માટે ઊંચી ગુણવત્તા ધરાવે. જેથી તે દેશ-વિદેશ યુરોપ, અમેરિકા, કૅનેડામાં જઈ શકે. જે ભણવાના વીઝા અહીંથી મેળવી શકે ! કેવી ઊંચી મહત્ત્વાકાંક્ષા ! આવી તમન્ના પૂરી શકે, એવા ઉત્તમ શિક્ષકો, જે ભારતીય-બંગાળી, કૅરાલા, ચેન્નાઈ, પંજાબના શિક્ષકોને મળવાનો મોકો મળ્યો ! આ શાળા સર્વસાધનસંપન્ન, સુસજ્જ હતી. વળી દિલ્હીની શાળામાંનો સમય, ખાસ કરીને પરીક્ષાનો તે જ સમય નાઈજીરિયાનો હોય ! પછી ભલે તે મધરાત હોય ! ઈન્ડિયન હાઈકમિશ્નરની ઑફિસમાં પરીક્ષાનાં પ્રશ્નપત્રોનું બંડલ આવે, તેઓ જાતે મધરાતે પ્રશ્નપત્રો ખોલે ! એવી પ્રામાણિક પ્રથા ! જો કે દરરોજનો શાળાસમય તો સ્થાનિક જ હોય ! ખૂબ મોટી શાળા. દરેક વ્યક્તિ ભારતીય જ ! પગથિયાં ચઢતાં જ સ્કૉલર વગેરેની નામાવલિ ભરેલું એક બોર્ડ નજરે પડે !

એક ગુપ્ત અભિલાષા એવી કે આવી શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા વધે, જેથી માતાપિતાને આકર્ષણ થાય ને અહીંની વહીવટીપ્રથા સુધરે ! દેશ સુધરે ! આમ સદ્‌ગતશ્રીની ભાવના કેવી શુદ્ધ ! આવા સ્વપ્નદૃષ્ટા શ્રી નારાયણદાસને આપણી શ્રદ્ધાંજલિ કેવી ? પરમ આદર્શ મશાલની એ જ્યોતને સો, સો સલામ ! આવા શિક્ષણપ્રેમી, સંસ્કૃતિપ્રિય, મૂલ્યનિષ્ઠ દાતાને આપણાં કોટિ કોટિ વંદન !

**—શ્રી સુશીલાબેન ભક્ત**



## ॥ અંજલિ ॥

**શું સ્વર્ગમાંથી સૂરજ સરક્યો**
**કે વૈકુંઠતણો વૈભવ વિખરાયો ?**
**પડી શી જરૂર કે ભૂલોકભાનુ ગયા !**
**કંચન કલદારના સ્વામી કુબેર ગયા.**
**માનવમહેરામણના મહામાનવ ગયા.**
**સરસ્વતીના સૂરસાધક સાક્ષર ગયા.**
**ખેલ્યા'તા ખેલ ખુમારીના જેણે વિશ્વમાં**
**પ્રગટાવ્યા માણસાઈના દીવા જગમાં**
**આપી સૌને સંપદા જ્ઞાન-ધનતણી**
**લૂછ્યાં લોચનિયાં સદા રંકલોકતણાં**
**થઈ ગયા દાનવીર ઘણા આ ભૂલોકમાં**
**હતા મુઠ્ઠીઊંચેરા નારણભાઈ ત્રિલોકમાં**
**સુણી વાત સારસબેલડીના પ્રેમતણી**
**સંચર્યાં સત્યવાન સાવિત્રી સંગ પ્રેમથી.**
**લીધી સૌની હાશ, સદા શિરછત્ર ધરી.**
**સ્વીકારો મમ અંજલિપુષ્પ ચરણે ધરી.**

**—શ્રી યજ્ઞેશભાઈ જોષી**